પાના ૮, કિંમત ૩.૨, તા. ૩૦-૦૧-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૪૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# સોનાના ભાવમાં ૧૦ હજાર તથા ચાંદીમાં ૨૩ હજારનું ગાબડુ

## આંતરાષ્ટ્રીય બજારમાં મોડી રાત્રે સોનામાં ૫૦૦ ડોલરની અભૂતપુર્વ ઉથલપાથલને પગલે ભારતીય બજારોમાં પણ ભાવો ગગડયાં

નવી દિલ્હી, તા. ૩૦

સોના-ચાંદીમાં ગઈકાલે ઐતિહાસિક તેજી બાદ મોડી સાંજે અભુતપૂર્વ ઉથલપાથલ સર્જાયા બાદ આજે જોરદાર કડાકો સર્જાયો હતો. સોનામાં એક તબકકે ૧૦૦૦૦ તથા ચાંદીમાં ૨૩૦૦૦નો કડાકો સર્જાયો હતો અને મોટી વધઘટનો દૌર જારી રહ્યો હતો.

વર્લ્ડ માર્કેટમાં સોનામાં ૫૦૦ ડોલરની અસામાન્ય વધઘટ થઈ હતી. મોડી રાત્રે ભાવ ઘણા અંશે રીકવર થયા હતા ત્યારે આજે સવારે વધુ એક વખત જોરદાર કડાકો સર્જાયો હતો. વિશ્વ બજારમાં સોનુ ૫૧૩ ડોલર તથા ચાંદી ૧૧૧.૩૮ ડોલર સાંપડી હતી. ભારતીય કોમોડીટી એકસચેંજમાં સોનુ અંદાજીત ૧૦,૦૦૦ રૂપિયા ગગડીને ૧,૫૯,૨૫૦ થયું હતું. જયાંથી પછી રીકવર થઈને ૧.૬૭ લાખ સાંપડયુ હતું. આ જ રીતે ચાંદીનો ભાવ ૨૩,૦૦૦ જેટલો ઘટીને ૩,૭૫,૯૦૦ થયો હતો. જે પછી ૩,૮૩,૪૦૦ સાંપડયો હતો.અભુતપૂર્વ ઉથલપાથલના પગલે ટ્રેડરો સટોડીયાઓમાં જોરદાર દોડધામ થઈ ગઈ હતી અને નવા વેપાર કરવામાં અત્યંત સાવધાની રાખવામાં આવતી હતી. વાયદાની જેમ હાજર બજારમાં પણ જબરદસ્ત વધઘટને કારણે વેપારીઓ પણ નવા સોદા કરવામાં ખચકાટ અનુભવતા હતા. રાજકોટમાં હાજર સોનાનો ભાવ ૧.૮૦ લાખ તથા ચાંદીનો ભાવ ૩.૯૧ લાખ સાંપડયો હતો.

# બોમ્બની ધમકી મળતા અમદાવાદમાં ઈન્ડિગો વિમાનું ઈમરજન્સી લેન્ડીંગ

## કુવૈતથી દિલ્હી જતી ફલાઈટમાં ટીશ્યુ પેપર પર હાઈજેક અને બોમ્બ હોવાની ધમકી

અમદાવાદ, તા. ૩૦

અમદાવાદ એરપોર્ટ પર ઈન્ડિગો ફલાઈટનું ઈમજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. કુવૈતથી દિલ્હી જતી આ ફલાઈટમાં બૉમ્બ હોવાની ધમકી મળી હતી. જેને પગલે ફલાઈટમાં સવાર ૧૮૦ પેસેન્જર અને લગેજનું ચેકિંગ કરવામાં આવ્યું છે.

કુવૈતથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફલાઈટમાં ટીશ્યુ પેપર પર હાઈજેક અને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી લખેલી ચિઠ્ઠી મળી આવતા પ્લેનનું અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

એરપોર્ટના સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, અત્યારે દરેક પેસેન્જરનું ચેકીંગ થઈ રહ્યું છે. દરેક પેસેન્જરના સમાનનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી પેસેન્જર પાસેથી કોઇપણ જાતની શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી. ત્યારબાદ એટલે કે ફલાઇટને ટેક ઓફ થવામાં હજી પણ અંદાજિત ૨ કલાક જેટલો સમય લાગી શકે છે. હાલમાં પ્લેનમાં ચેકીંગની પ્રોસેસ પૂરી થઈ ગઈ છે. પરંતુ પેસેન્જર્સનું ચેકીંગ અને તેમના બગેજનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.

એરપોર્ટ પોલીસ સ્ટેશનના પીઆઈ એન.ડી.નકુમે જણાવ્યું હતું કે, ધમકી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ હતી અને BDDS દ્વારા પ્લેનનું સંપૂર્ણ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જોકે તપાસમાં કોઈ વાંધાજનક વસ્તુ મળી નથી. હાલમાં પ્લેન ચેક કરવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને પ્રોટોકોલ મુજબ આગળની તપાસ ચાલુ છે.

૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ગોવાથી અમદાવાદ આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર ૬ઈ ૬૨૦૮ને બોમ્બથી ઉડાડવાની ધમકી મળી હતી. ફ્લાઈટ અમદાવાદ પહોંચતા ફ્લાઈટમાંથી એક ટીશ્યુ પેપર મળી આવ્યું હતું. જેમાં આ ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે તેવી ધમકી ભર્યુ લખાણ લખ્યું હતું. આ અંગે

અનુસંધાન પાના ૭ પર

# જમ્મુ-કાશ્મીર, હરિયાણા, પંજાબમાં કડકડતી ઠંડી : યુપી-બિહારમાં વરસાદ

નવી દિલ્હી, તા. ૩૦

જમ્મુ-કાશ્મીરમાં કડકડતી ઠંડી યથાવત છે. સોનમર્ગ સૌથી ઠંડું રહ્યું, જ્યાં લઘુત્તમ તાપમાન માઈનસ ૧૧.૨C નોંધાયું. શ્રીનગરમાં તાપમાન માઈનસ ૦.૬ડીગ્રી રહ્યું. ૧ ફેબ્રુઆરીથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વરસાદ-બરફવર્ષા થઈ શકે છે.મધ્ય પ્રદેશમાં કરા અને વરસાદનો દોર થંભી ગયા બાદ ઠંડી અને ગાઢ ધુમ્મસની અસર વધી ગઈ છે. ગુરુવારે સવારે ભોપાલ, ગ્વાલિયર સહિત ૨૦થી વધુ જિલ્લાઓમાં મધ્યમથી ગાઢ ધુમ્મસ રહ્યું.ચંદીગઢના ડિફેન્સ જિયોઇન્ફોર્મેટિક્સ રિસર્ચ એસ્ટાબ્લિશમેન્ટે ઉત્તરાખંડના ઘણા ઊંચાઈવાળા વિસ્તારોમાં શુક્રવારે સાંજે ૫ વાગ્યા સુધી હિમસ્ખલનનું ગંભીર જોખમ જણાવ્યું છે. જ્યારે, હવામાન વિભાગે ૩૧ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી વચ્ચે રાજ્યમાં ફરીથી વરસાદ અને બરફવર્ષાનું એલર્ટ જાહેર કર્યું છે.હરિયાણાના ૧૬ જિલ્લાઓમાં ગુરુવારે ગાઢ ધુમ્મસ છવાયેલું રહ્યું. જીંદમાં રોહતક હાઈવે પર વિઝિબિલિટી શૂન્ય રહી. રાજ્યમાં ૨૩ ટ્રેનો મોડી પડી. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન ૨.૦ ડિગ્રી નારનૌલમાં નોંધાયું.રાજસ્થાનમાં વરસાદ-કરા પડ્યા બાદ બદલાયેલા હવામાનથી ફરીથી ઠંડી વધી ગઈ છે. પાલીમાં લઘુત્તમ તાપમાન ૪.૧°C અને માઉન્ટ આબુમાં ૩.૩ડીગ્રી રહ્યું.

અનુસંધાન પાના ૭ પર

## કાશ્મીરના સોનમર્ગમાં માઈનસ ૧૧ ડીગ્રી તાપમાન

# ગ્રીન લેન્ડ મુદ્દે ટ્રમ્પની ધમકીથી ડેનિશ પીએમને રાજકીય લાભ

## સર્વેમાં ડેનમાર્કના વડાપ્રધાન પાર્ટીને ૯ બેઠકોનો ફાયદો

નવી દિલ્હી, તા. ૩૦

ગ્રીનલેન્ડ પર કબજાને મામલે અમેરિકા અને ડેનમાર્ક વચ્ચેના વિવાદનો ફાયદો ડેનિશ પીએમ મેટ ફ્રેડરિક્સનને મળ્યો છે. અમેરિકન વેબસાઇટ ધ પોલિટિકોએ લખ્યું છે કે ફ્રેડરિક્સને રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આભાર માનવો જોઈએ કારણ કે તેમણે તેમને ઘેરા રાજકીય સંકટમાંથી બહાર કાઢ્યા છે.

ફ્રેડરિક્સનની પાર્ટીની લોકપ્રિયતામાં ઘણો ઉછાળો આવ્યો છે. સર્વેમાં સોશિયલ ડેમોક્રેટ્સને માત્ર ૩૨ બેઠકો મળતી દેખાઈ રહી હતી. એટલે કે, એક જ મહિનામાં પાર્ટીની સ્થિતિમાં લગભગ ૯ બેઠકોનો ઉછાળો આવ્યો છે.

ગયા વર્ષે નવેમ્બર ૨૦૨૫માં સોશિયલ ડેમોક્રેટ પાર્ટી સ્થાનિક ચૂંટણી હારી ગઈ હતી. સૌથી મોટો ઝટકો કોપનહેગનમાં લાગ્યો, જ્યાં પાર્ટીએ ૧૦૦ વર્ષમાં પહેલીવાર સત્તા ગુમાવી દીધી.સ્થિતિ ત્યારે બદલવાની શરૂ થઈ, જ્યારે ટ્રમ્પે ગ્રીનલેન્ડને ડેનમાર્ક પાસેથી છીનવીને પોતાનામાં ભેળવી દેવાની ધમકી આપી. તેના જવાબમાં ડેનમાર્કનાં વડાપ્રધાન ફ્રેડરિક્સને ખુલ્લેઆમ દેશની સાર્વભૌમત્વનો બચાવ કર્યો.ડેનમાર્કમાં સંસદમાં કુલ ૧૭૯ બેઠકો છે, જેમાંથી વડાપ્રધાન ફ્રેડરિક્સનની સોશિયલ ડેમોક્રેટ્સ પાસે ૫૦ બેઠકો છે. સેન્ટર-લેફ્ટ સોશિયલ ડેમોક્રેટ પાર્ટી હાલમાં દેશમાં ગઠબંધન સરકાર ચલાવી રહી છે. આ ગઠબંધનમાં બે સેન્ટર-રાઇટ પાર્ટીઓ મોડરેટર્સ અને વેનસ્ટર પણ સામેલ છે.

મેગાફોન નામની એક ડેનિશ કન્સલ્ટન્સીના સર્વેમાં સોશિયલ ડેમોક્રેટ પાર્ટીને ૨૨.૭% મત અને સંસદની ૪૧ બેઠકો મળી. આ સર્વે ૨૦ થી ૨૨ જાન્યુઆરી વચ્ચે કરવામાં આવ્યો હતો. ડિસેમ્બરમાં થયેલા સર્વેમાં ફ્રેડરિક્સનની પાર્ટીને માત્ર ૩૨ બેઠકો મળતી દર્શાવવામાં આવી હતી.

હાલનો સર્વે દર્શાવે છે કે ૪૧ બેઠકો સાથે પણ તેઓ સંસદની સૌથી મોટી પાર્ટી બની રહેશે. આનાથી

અનુસંધાન પાના ૭ પર

# બજેટ સત્રના ત્રીજા દિવસે ગૃહમાં આર્થિક સર્વે અંગે ચર્ચા

## તા. ૧ ફેબ્રુઆરીએ લોકસભામાં બજેટ રજૂ કરાશે

નવી દિલ્હી, તા. ૩૦

બજેટ સત્રનો શુક્રવારે ત્રીજો દિવસ છે. સંસદમાં ઈકોનોમિક સર્વે પર ચર્ચા થઈ શકે છે. ગુરુવારે નાણા મંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં ઈકોનોમિક સર્વે રજૂ કર્યો હતો. આ સર્વેમાં જણાવાયું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૦૨૭માં જીડીપી ગ્રોથ ૬.૮% થી ૭.૨%ની રેન્જમાં રહેવાનો અંદાજ છે.

બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીથી ૨ એપ્રિલ સુધી ચાલશે. આ બે ભાગમાં હશે. પ્રથમ ભાગ ૨૮ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી સુધી અને બીજો ભાગ ૯ માર્ચથી ૨ એપ્રિલ સુધીનો રહેશે. આ દરમિયાન કુલ ૩૦ બેઠકો યોજાશે. ૨૮ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીએ કોઈ શૂન્યકાળ રહેશે નહીં.

પીએમ મોદીએ ગુરુવારે કહ્યું, "અમારી સરકારની ઓળખ રિફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મ રહી છે. હવે અમે રિફોર્મ એક્સપ્રેસ પર આગળ વધી રહ્યા છીએ." રાષ્ટ્રપતિએ સત્રની શરૂઆતમાં સાંસદો પાસેથી પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરી. મને ખાતરી છે કે સાંસદો તેને ગંભીરતાથી લેશે." તેમણે કહ્યું હતું કે આ સત્ર ખૂબ જ મહત્ત્વપૂર્ણ સત્ર છે. ૨૧મી સદીનો એક ક્વાર્ટર વીતી ગયો છે. આ બીજા ક્વાર્ટરની શરૂઆત છે.

સંસદનું બજેટ સત્ર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન સાથે શરૂ થયું. રાષ્ટ્રપતિએ પોતાની ૪૫

અનુસંધાન પાના ૭ પર

# યુરોપિયન યુનિયન દ્વારા ઈરાનની સેનાને આતંકી સંગઠન જાહેર કરાયું

## ઈયુના નિર્ણયને આવકારતા ઈઝરાયેલના વિદેશ મંત્રી

નવી દિલ્હી, તા. ૩૦

ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે યુરોપિયન યુનિયને એક મોટો નિર્ણય લીધો છે.યુનિયનના વિદેશ મંત્રીઓએ ઈરાનની સેના 'ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ' (IRGC) ને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે.

આ નિર્ણય પછી, IRGC ™ હવે ઈસ્લામિક સ્ટેટ (ISIS) અને અલ-કાયદા જેવા ખતરનાક સંગઠનોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. યુરોપનું આ પગલું ઈરાની નેતૃત્વ પ્રત્યે યુરોપના બદલાતા કડક વલણને દર્શાવે છે.

EU વિદેશ નીતિના વડા કાજા કલ્લાસે આ નિર્ણયને ટેકો આપ્યો. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું, "લોકો પર થયેલા અત્યાચારનો જવાબ આપવો જ જોઈએ.'' તેમણે ઉમેર્યું કે જે શાસન પોતાના જ હજારો લોકોને મારી નાખે છે તેનું પતન નિશ્ચિત છે. ડચ વિદેશ પ્રધાન ડેવિડ વાન વીલે પણ કહ્યું કે વિરોધીઓ સામે હિંસા અને ક્રૂરતા સહન કરી શકાતી નથી.

ઈઝરાયલે EUના નિર્ણયનું સ્વાગત કર્યું. ઈઝરાયલી વિદેશ પ્રધાન ગિડિયોન સા'આરે તેને એક ઐતિહાસિક પગલું ગણાવ્યું. તેમણે કહ્યું કે ઈઝરાયલ ઘણા વર્ષોથી આ પરિણામ માટે પ્રયત્નશીલ હતું. ઈઝરાયલના મતે, IRGC આ ક્ષેત્રમાં અસ્થિરતા અને આતંકવાદ ફેલાવતી સૌથી મોટી શક્તિ છે. આ નિર્ણયથી હવે યુરોપમાં IRGCની પ્રવૃત્તિઓ પર કાબુ મેળવવાનું સરળ બનશે.

આ નિર્ણયના નોંધપાત્ર કાનૂની પરિણામો આવશે. હવે EU દેશો માટે IRGC ના સભ્યો પર કાર્યવાહી કરવી ખૂબ સરળ બનશે. અધિકારીઓને હવે ચોક્કસ આતંકવાદી કાવતરું સાબિત કરવાની જરૂર રહેશે નહીં; ફક્ત સંગઠન સાથે જોડાણ હોવું કાર્યવાહી માટે પૂરતું રહેશે. વધુમાં, સંગઠનની સંપત્તિઓ સ્થગિત કરવી અને યુરોપિયન પોલીસ (યુરોપોલ) સાથે માહિતી શેર કરવી સરળ બનશે.

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પના વલણના કારણે ચીન અને યુરોપિયન દેશો નજીક આવ્યા

## અમેરિકી નીતિઓથી વૈશ્વિક સંતુલન બદલાયું હોવાનો નિષ્ણાંતોનો મત

નવી દિલ્હી, તા. ૩૦

બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર બુધવારે ૩ દિવસના ચીન પ્રવાસે પહોંચ્યા. છેલ્લા ૨ મહિનામાં ૫ પશ્ચિમી દેશોના નેતાઓ ચીન જઈ ચૂક્યા છે. સ્ટાર્મર પહેલાં ફ્રાન્સ, કેનેડા, ફિનલેન્ડ અને આયર્લેન્ડના નેતાઓ બેઈજિંગની મુલાકાત લઈ ચૂક્યા છે.

આવા સંજોગોમાં એવા સવાલો ઉઠી રહ્યા છે કે શું અમેરિકી રાષ્ટ્રપતિ



ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફની ધમકીઓએ પશ્ચિમી દેશોને ચીન સાથે સંબંધો સુધારવા મજબૂર કર્યા છે.

યુનિવર્સિટી ઓફ સિડનીના આંતરરાષ્ટ્રીય રાજકારણ અને અમેરિકી ઈતિહાસના નિષ્ણાત ડો. સ્ટુઅર્ટ રોલોકાએ કહ્યું કે ટ્રમ્પની આક્રમક નીતિઓના કારણે વૈશ્વિક સંતુલન બદલાઈ રહ્યું છે.

ધ ગાર્ડિયનના રિપોર્ટ અનુસાર, ટ્રમ્પ દ્વારા NATO પર સવાલ ઉઠાવવા, ગ્રીનલેન્ડ પર કબજાની માંગ અને ગઠબંધનની અવગણના કરવાના વલણે યુરોપિયન સહયોગીઓમાં વિશ્વાસનો અભાવ પેદા કર્યો છે. આમાં ટ્રમ્પની ટેરિફ ધમકીઓની સૌથી મોટી ભૂમિકા છે.

યુરોપના ટેક્સ ફાઉન્ડેશનના રિપોર્ટ અનુસાર, ટ્રમ્પે દુનિયાભરના દેશો પર સરેરાશ ૧૦ થી ૨૫% સુધી ટેરિફ લગાવ્યો છે. આનાથી વેપારમાં અનિશ્ચિતતાનો ખતરો વધી ગયો છે.

યુરોપિયન દેશો પર લાગેલા

અનુસંધાન પાના ૭ પર

# બાંગ્લાદેશે ભારત પાસેથી સ્પેશિયલ ઈકોનોમિક ઝોન છીનવી લીધો

## ભારતને આપેલી જમીન ચીનને ડ્રોન ફેકટરી બનાવવા માટે બાંગ્લાદેશે આપી દીધી

નવી દિલ્હી, તા. ૩૦

બાંગ્લાદેશની યુનુસ સરકારનું વધુ એક ષડયંત્ર સામે આવ્યું છે. ચટગાંવમાં ભારતને આપવામાં આવેલ સેઝ (સ્પેશિયલ ઈકોનોમિક ઝોન)ની જમીન ફાળવણી રદ કરવામાં આવી છે. લગભગ ૮૫૦ એકરમાં હવે બાંગ્લાદેશ ચીનનો ડ્રોન પ્લાન્ટ બનાવી રહ્યું છે.વર્ષના અંત સુધીમાં અહીં ઉત્પાદન પણ શરૂ થઈ જશે. અહીં મધ્યમ રેન્જ અને વર્ટિકલ લિફ્ટવાળા ડ્રોન બનશે. ચટગાંવ પ્લાન્ટ ભારતીય સરહદથી ૧૦૦ કિમી દૂર છે. બાંગ્લાદેશ દક્ષિણ એશિયામાં ભારત-પાક પછી ડ્રોન બનાવનાર ત્રીજો દેશ બની જશે.બાંગ્લાદેશી વાયુસેનાએ ચીનની સરકારી કંપની ચાઈના ઈલેક્ટ્રોનિક્સ ટેકનોલોજી ગ્રુપ કોર્પોરેશન ઈન્ટરનેશનલ (CETC) સાથે મંગળવારે એક મોટી ડીલ સાઈન કરી. આ ડીલ સરકારથી સરકારના માળખામાં થઈ છે.આ અંતર્ગત ચીન, બાંગ્લાદેશમાં એક અનમેન્ડ એરિયલ વ્હીકલ (UAV-ડ્રોન) મેન્યુફેક્ચરિંગ અને એસેમ્બલી પ્લાન્ટ સ્થાપિત કરશે અને ટેકનોલોજી પણ ટ્રાન્સફર કરશે. બીજી તરફ, ચીને ગયા વર્ષે બાંગ્લાદેશને 20 J-10CE ફાઈટર જેટ આપવાની ડી પણ કરી હતી. આ સપ્લાય પણ આ વર્ષના અંતથી શરૂ થઈ જશે. ચીને બાંગ્લાદેશને પેમેન્ટમાં પણ મોટી રાહત આપી છે.

ચટગાંવમાં ભારતને આપવામાં આવેલો સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) મૂળભૂત રીતે મીરસરાઈ વિસ્તારમાં નેશનલ સ્પેશિયલ

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો

તથા સુરત જિલ્લા માટે

ખબરપત્રી જોઈએ છે.

મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# મિરઝાપોર ગામના ખેડૂત દંપતિને ગામના જ ખેડૂત દંપતિની ધમકી

## ખેતરમાં મુકેલ કન્ટેનર ઉપર સીસી.ટીવી કેમેરા ફીટ કરવા મામલે બબાલ

સુરત, તા.૩૦

ઓલપાડ તાલુકા નાં કાંઠા વિસ્તારના મિરઝાપોર ગામના ખેડૂત દંપતિને તેમના જ ફળિયામાં રહેતા આરોપી ખેડૂત દંપતિએ ખેતરમાં મુકેલ કન્ટેનર ઉપર સીસી.ટીવી કેમેરા ફીટ કરવા મામલે બબાલ મચાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી છે.

મિરઝાપોર ગામના બ્રાહ્મણ ફળિયાના વતની ધનસુખભાઈ રામુભાઈ પટેલ (ઉ.વ.૫૨)હાલમાં સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં આકાશ પાર્ક કો.ઓ. હા.સો.ના મકાન નં:૧૯૯ માં રહી ખેતી સાથે વેપાર કરે છે. તેમના માતા-પિતા વયોવૃદ્ધ હોવાથી ગામમાં રહે છે.આ પરિવારની મિરઝાપોર ગામની સીમમાં બ્લોક નં:૭૩૦,સર્વે નં:૨૯૩ (૧)વાળી ખેતીલાયક જમીન આવેલ છે. આ ખેતરમાં તેમણે એક કન્ટેનર મુકેલ હતું.ખેડૂત ધનસુખ પટેલ ગત તા.૨૭ ના રોજ સાંજના સુમારે તેની પત્ની મિતાબેન સાથે સુરતથી મિરઝાપોર ગામે આવ્યા હતાં.તેમના ખેતરની દેખરેખ માટે સીસી.ટીવી કેમેરા લગાવવાના હોવાથી આ દંપતિ મોડી સાંજે-૭:૦૦ કલાક ના સુમારે તેના નાના ભાઈ પરેશ સાથે ખેતર પહોંચ્યાં હતાં અને ખેતરમાં મુકેલ કન્ટેનર ઉપર સીસી.ટીવી કેમેરા ફીટ કરવાની કામગીરી શરૂ કરી હતી.તે સમયે તેમના ફળિયામાં રહેતા ખેડૂત દંપતિ વિપુલ કાંતિભાઈ પટેલ તથા તેની પત્ની અસ્મિતાબેન પણ ત્યાં દોડી આવ્યા હતાં અને ખેતરમાં સીસી. ટીવી કેમેરા લગાવવા મામલે ત્રણેને ગંદી નાલાયક ગાળો બોલી લડાઈ-ઝઘડો શરૂ કર્યો હતો.આ દંપતિ આરોપીએ ધનસુખ ભાઈ તથા તેની પત્ની મિતાના હાથ-પગ તોડી નાંખવા સહિત કન્ટેનર ઉપર મુકેલ કેમેરા તથા વાયરિંગ તોડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.તેઓએ વધુ ધમકી આપી હતી કે,તમો અહીંથી ચાલ્યા જાવ નહીં તો આ જગ્યા ઉપર જ પાડી જાનથી મારી નાંખીશું.જયારે આરોપી અસ્મિતાએ ધમકી આપી કહ્યું હતું કે,'તારા જેવા તો બો બધા જોયા છે.તું

અનુસંધાન પાના ૭ પર

# જીવન વીમા દ્વારા લાંબા ગાળાની બચત થઇ શકે છે

સુરત, તા.૩૦

જીવન વીમા પરિષદ - વીમા જાગૃતિ સમિતિ (IAC) વેન્કી ઐયર, સહ-અધ્યક્ષ, વીમા જાગૃતિ સમિતિ (IAC-લાઈફ)"પેન્શન મેળવનારાઓ માટે કરવેરાનો આવક પર વધુ ખરાબ પ્રભાવ પડે છે.

અમારું માનવું છે કે, ફક્ત વ્યાજ અથવા લાભ પર કર લાદીને પેન્શન પરના કરવેરાનું અન્ય નિશ્ચિત-વ્યાજ સાધનો સાથે સંરેખણ કરવાની તક છે. આ અભિગમ પેન્શન મેળવનારાઓ માટે નિવૃત્તિ પછીની આવકમાં વધારો કરશે અને જીવન વીમા ઉકેલો દ્વારા લાંબા ગાળાની બચતને એકત્ર કરશે. વધુમાં, પેન્શન મેળવનારાઓ માટે પ્રમાણભૂત કપાત પૂરી પાડવાથી જે તેમના ભંડોળને રૂપાંતરિત કરતા નથી તેઓ બધા પેન્શનરોમાં કર સમાનતા સુનિશ્ચિત કરશે."

શ્રી કુરૂક્ષેત્ર સ્મશાનભુમિ ટ્રસ્ટ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રી રમમટીનાં સંતશ્રી મુળદાસ બાપુનાં પ્રતિનિધિ શ્રી હંસમુની બાપુનાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટનાં પ્રમુખશ્રી કમલેશભાઇ સેલર, ઉપપ્રમુખ શ્રી શંકરભાઇ પટેલ, ખજાનચી શ્રી ઉમેશભાઇ દેસાઇ, ટસ્ટ્રીશ્રી અજયભાઇ ગાંધી, શ્રી શંકરભાઈ પટેલ, શ્રી સમીરભાઇ વ્યાસ, શ્રી જયંતિભાઇ પટેલ, શ્રી મહેશભાઇ પટેલ વગેરે હાજર રહયાં હતાં.

# ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રજાસત્તાક દિવસની ઉજવણી

## ટ્રસ્ટના પ્રમુખ પરેશ મેવાડાના હસ્તે તિરંગો ફરકાવાયો

સુરત, તા.૩૦

ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણી દેશભક્તિ અને ઉત્સાહભર્યા માહોલમાં કરવામાં આવી. આ અવસરે ટ્રસ્ટના કાર્યાલય ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો.ટ્રસ્ટના પ્રમુખ પરેશ મેવાડાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ત્યારબાદ રાષ્ટ્રગાન ગાયું હતું. કાર્યક્રમ દરમિયાન ટ્રસ્ટના સભ્યો અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઈશા મેવાડાએ પ્રજાસત્તાક દિવસના મહત્વ પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે, આપણું સંવિધાન દરેક નાગરિકને સમાનતા, ન્યાય અને સ્વતંત્રતાનો અધિકાર આપે છે તથા દેશના વિકાસ માટે પોતાની ફરજો નિભાવવાની પ્રેરણા આપે છે. પ્રમુખ પરેશ મેવાડાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે અને ભવિષ્યમાં પણ સમાજહિત માટે વધુ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. કાર્યક્રમમાં ટ્રસ્ટની બહેનો વૈશાલી ચંદેલ, અમિતા રાણા, શ્રદ્ધા ગડારિયા, ચંદ્રિકા મોર્યા અને ભાવના રાઠોડની ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી. તેમણે પણ દેશના વિકાસમાં સમાજસેવા સંસ્થાઓની ભૂમિકા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમના અંતે સૌએ મળીને દેશની એકતા અને અખંડિતતા જાળવવાનો તથા સ્વચ્છ અને સમૃદ્ધ ભારત બનાવવાનો સંકલ્પ લીધો હતો.

# કાંકરિયા કચરાકાંડમાં જીપીસીબીના આદેશનું સુરત મનપા દ્વારા ઉલ્લંઘન

## કોન્ટ્રાક્ટરને બ્લેકલીસ્ટ કરવા તથા રૂા.૫ કરોડનો દંડ ફટકારવા દર્શન નાયકની માંગણી

સુરત, તા.૩૦

મોજે.કાંકરીયા,તા.અંબિકા,જી.સુરત ખાતે સુરત મહાનગર પાલિકાના કોન્ટ્રાક્ટર સીડી ટ્રાન્સપોર્ટ એંજન્સીએ ૫૦૦૦ ટન ઘન કચરાનો ગેરકાયદેસર નિકાલ કરતાં કચરો પાછો લેવાના GPCBના આદેશોજી પાલન નહી કરવા બદલ SMC સામે કાર્યવાહી કરવા અને કાંકરિયા ગામ ના પર્યાવરણને થયેલ નુકશાન બદલ કાંકરિયા ગ્રામ પંચાયતને રૂ.૫ કરોડનું પર્યાવરણ નુકશાન વળતર આપવા અને કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવા બાબતે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા ગુજરાત સરકારમાં ઉચ્ચ કક્ષાએ કરેલી લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે, મોજે. કાંકરીયા , તા.અંબિકા,જી. સુરત ખાતે સુરત મહાનગર પાલિકાના કોન્ટ્રાક્ટર સીડી ટ્રાન્સપોર્ટ એંજન્સીને આશરે ૫૦૦૦ ટન જેટલા ઘન કચરાનો ગેરકાયદેસર નિકાલ કરતાં કાંકરિયા ગામના પર્યાવરણને નુકશાન થયેલ છે. આ અંગે સુરત મહાનગર પાલિકાના કોન્ટ્રાક્ટર પર ખોટું કરવા બદલ રુપિયા ૧૦ લાખનો દંડ SMC એ કરેલ છે. આ ગેરકાયદેસર ડમ્પિંગની પ્રવૃત્તિ લાંબા સમય થી ચાલતી હતી અને SMC ની જાણમાં હતી. સદર કચરાના ગેર કાયદેસર નિકાલ ને લીધે ગામના પર્યાવરણને, આજુબાજુના ખેતરોને, જમીનને, પાણીને મોટું નુકશાન થયેલ છે અને સદર જગ્યા પ્રદૂષિત થયેલ છે. આ જમીન પરથી મોટી દુર્ગંધ આવી રહી છે તેમજ આ કચરામાં માખી અને મચ્છરો ઉપદ્રવ વધવાને કારણે ગામના બાળકો ,મહિલાઓ સહિતના નાગરિકો હેરાન પરેશાન થઈ રહ્યા છે અને તેમનું આરોગ્ય જોખમમાં મુકાઈ જાય એવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલ છે. આમ, ૫૦૦૦ ટન થી વધુ મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ નાખતા ગામના પર્યાવરણને ગંભીર નુકશાન થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે જેની વિસ્તૃત તપાસ જીપીસીબીએ કરેલ છે. આ ઉપરાંત જીપીસીબીએ SMCને નોટિસ અને આદેશ પાઠવેલ છે. ગેર કાયદેસર રીતે નાંખેલ કચરો પરત સુરત મહાનગર પાલિકાની ખજોદ સોલીડ વેસ્ટ સાઈટ પર લઈ લેવા આદેશ કરેલ હતો. જેનું પાલન

અનુસંધાન પાના ૭ પર

# સુરત સ્ટેશન પર 'મારી ટિકિટ, મારું ગૌરવ' યાત્રી જાગૃતિ ઝુંબેશ

## તા.૬ ફેબ્રુઆરી સુધી અભિયાન ચાલુ રહેશે

સુરત, તા.૩૦

રેલ મુસાફરી દ્વારા મુસાફરોમાં જાગૃતિ વધારવા, માન્ય ટિકિટિંગને પ્રોત્સાહન આપવા અને રાષ્ટ્ર નિર્માણમાં જનભાગીદારીને મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે, પશ્ચિમ રેલ્વેના મુંબઈ વિભાગના વાણિજ્ય વિભાગે "મારી ટિકિટ, મારું ગૌરવ - વિકસિત ભારતમાં મારું યોગદાન" જન જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે.

આ અભિયાન હેઠળ, મુસાફરોને ટિકિટ ખરીદીને તેમની જવાબદારી નિભાવવા, દેશની પ્રગતિનો ભાગ બનવા અને જવાબદાર નાગરિકો તરીકે રાષ્ટ્ર નિર્માણમાં તેમનું યોગદાન સુનિશ્ચિત કરવા વિનંતી કરવામાં આવી રહી છે. ભારતના જવાબદાર નાગરિકો તરીકે, જ્યારે પણ તેઓ મુસાફરી કરે ત્યારે ટિકિટ સાથે મુસાફરી કરવી તેમની ફરજ છે. ટિકિટ રાખવી એ ગર્વ અને ગૌરવની વાત છે. તેમનું યોગદાન માત્ર દેશના વિકાસમાં ફાળો આપતું નથી પરંતુ રેલ્વે વ્યવસ્થાને પણ મજબૂત બનાવે છે. ટ્રેનો આધુનિક અને સલામત બને છે, અને રેલ નેટવર્ક, રેલ સુવિધાઓ સાથે, અપગ્રેડ અને સુધારેલ છે.

આ અભિયાન ભારતીય રેલ્વેની રેલવન એપ વિશે પણ જાગૃતિ લાવી રહ્યું છે. રેલવન એક ઓલ-ઈન-વન ડિજિટલ પ્લેટફોર્મ છે જેના દ્વારા મુસાફરો વિવિધ સેવાઓનો લાભ લઈ શકે છે, જેમાં અનામત અને બિન-અનામત ટિકિટ બુકિંગ, લાઈવ ટ્રેન સ્ટેટસ, પીએનઆર માહિતી, ફૂડ સર્વિસ

અનુસંધાન પાના ૭ પર

# પરીઆ ગામની સીમમાંથી જુગાર રમતા સાત આરોપીઓ ઝડપાયા

## પોલીસે કુલ રૂ.૭૦,૩૬૦ નો મુદામાલ કબજે કર્યો

સુરત, તા.૩૦

ઓલપાડ પોલીસે પરીઆ ગામની સીમમાં એક ટેક્ષટાઈલ કંપની જતા રસ્તા ઉપર રાત્રીનાં સુમારે જુગાર રમતા સાત આરોપી ઓને કુલ રૂ.૭૦,૩૬૦ નાં મુદામાલ સાથે દબોચી લીધા છે.

ઓલપાડ પોલીસનો સ્ટાફ બુધવાર,તા.૨૮ નાં રોજ નાઈટ પેટ્રોલિંગ કરી રહ્યો હતો,તે સમયે સર્વેલન્સ સ્ટાફના અ.હે.કો.જગદીશ ઠાકોર તથા અ.હે.કો.મુકેશ જેરામને સંયુકત બાતમી મળી હતી કે,પરીઆ ગામની સીમમાં મહેક ટેક્ષટાઈલની બાજુમાં આવેલ રોડ ઉપર લાઈટના અજવાળા માં કેટલાક ઈસમો ગંજીપાનાથી પૈસાથી હાર-જીતનો જુગાર રમી રહ્યા છે.આ બાતમીનાં પગલે પોલીસે બાતમી સ્થળે રેઇડ કરી સાત આરોપીઓને જુગાર રમતા દબોચી લીધા હતાં.પોલીસે જુગાર સ્થળેથી દાવના રોકડા રૂ.૫,૧૬૦, અંગઝડતીથી મળેલ રોકડા રૂ.૫,૨૦૦, મોબાઈલ નંગ-૫, જેની કુલ કિંમત રૂ.૨૫,૦૦૦,મો.સા. નં:જીજે-૦૫,એન. કે-૦૭૭૫,જેની કિંમત ૩૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૭૦,૩૬૦ નો મુદામાલ કબજે લીધો હતો.આ ગુનામાં પોલીસે કુલ સાત આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માતૃશ્રી કાશીબા ગોટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પૂ.મોરારીબાપુની રામકથા યોજાશે

## પૂજ્ય બાપુએ આપેલ રામકથાથી અઢાર રાજ્યોમાં ચાલી રહેલ 'શિક્ષણયજ્ઞ'માં નવું જોમ પૂરાશે

સુરત, તા.૩૦

રામકથાના માધ્યમથી સત્ય, પ્રેમ અને કરુણાનો સંદેશ વિશ્વભરમાં પહોંચાડનાર મોરારિબાપુ છેવાડાના લોકોનાં કલ્યાણ માટે સમર્પિત જીવન જીવી રહ્યા છે. વૃદ્ધાશ્રમ, વૃક્ષારોપણ, હૉસ્પિટલ, શહીદ પરિવાર કલ્યાણ, વિચરતા સમુદાયના લોકોના આવાસ વગેરે અનેકવિધ સત્કાર્યો માટે પૂજ્ય બાપુએ કથા આપી છે. આવું જ શિક્ષણ યજ્ઞનું સેવાકીય કાર્ય - માતુ શ્રી કાશીબા હરિભાઈ ગોટી ચૅરિટેબલ ટ્રસ્ટ ભારતનાં અઢાર રાજ્યોમાં ચાલી રહ્યું છે. તેના દ્વારા ૨૪૬ સરસ્વતીધામ નિર્માણ પામ્યાં છે અને ૪૮ સરસ્વતીધામનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે અને '૩૫૧ સરસ્વતીધામ નિર્માણ'નો શુભ સંકલ્પ છે.

૨૨૮મા સરસ્વતીધામ – 'માતુ શ્રી કડવીબહેન રામજીભાઈ નકુમ' મુ.ડુંડાસ, તા, મહુવા, જિ. ભાવનગરનું લોકાર્પણ પૂજ્ય મોરારિબાપુના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટનાં કાર્યો વિશે જાણીને પૂજ્ય બાપુએ ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને આ સત્કાર્યમાં સહકાર આપનાર સૌને ધન્યવાદ પાઠવ્યા હતા.'૩૫૧ સરસ્વતીધામ'નાં નિર્માણ પછી પણ આ શુભ કાર્ય અવિરત થતું રહે તે માટે જરૂરી આર્થિક સહયોગ મળી રહે તે માટે લોકભારતી સણોસરાના નિયામક શ્રી અરુણભાઈ દવેની પ્રેરણાથી શ્રી કેશુભાઈ ગોટીએ પૂજ્ય મોરારિબાપુને આજે પ્રાર્થના કરવામાં આવી. શિક્ષણયજ્ઞની વાત સાંભળીને પૂજ્ય બાપુએ ખૂબ જ પ્રસન્નતા સાથે રામકથારૂપી તુલસીપત્ર સહર્ષ અર્પણ કર્યું છે. વિશેષ આનંદની વાત

અનુસંધાન પાના ૭ પર

# દક્ષિણ ઝોન કક્ષાની ટુર્નામેન્ટમાં ભરૂચના શિક્ષકોની ટીમ રનર્સ

સુરત, તા.૩૦

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત દક્ષિણ ઝોન કક્ષાની ચાણક્ય ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૬ ચીખલી મુકામે સંજયફાર્મ ખાતે યોજાઈ હતી.જેમાં દક્ષિણ ઝોન કક્ષાના ભરૂચ, વડોદરા, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ જિલ્લાની ૮ ટીમોના પ્રાથમિક શિક્ષકોએ ભાગ લીધો હતો.જેમાં ભરૂચ અને વલસાડ ટીમ વચ્ચે ફાઈનલ મેચ રામાડવામાં આવી હતી.ફાઈનલ મેચમાં વલસાડ જિલ્લાની ટીમ વિજેતા બની હતી અને ભરૂચ જિલ્લાની ટીમ રનર્સ અપ રહી હતી.ભરૂચ જિલ્લાની ટીમ રનર્સ અપ બનતા ભરૂચ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ પ્રદિપસિંહ રાણા,મહામંત્રી રાજીવભાઈ પટેલ તેમજ હાંસોટ તાલુકા ઘટક સંઘના ઉપપ્રમુખ નિલેશભાઈ સોલંકીએ ભરૂચ જિલ્લાની ટીમના શિક્ષકોને અભિનંદન સહિત શુભેચ્છાઓ પાઠવી હતી.



# અંકલેશ્વર ઓએનજીસી દ્વારા ૭૭મા ગણતંત્ર દિવસની ઉજવણી

## એસેટ મેનેજર સુકનંદનના પ્રમુખ સ્થાને ભવ્ય ધ્વજ વંદન સમારંભ યોજાયો

સુરત, તા.૩૦

ઓએનજીસી અંકલેશ્વર એસેટ ભારતના ૭૭ મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ઉત્સાહ અને દેશભક્તિના રંગે રંગાઈ ને કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એકતા, લોકશાહી અને રાષ્ટ્રીય પ્રગતિ અને ઊર્જા સુરક્ષા પ્રત્યે સંગઠનની પ્રતિબદ્ધતા પ્રતિબિંબિત કરી શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉજવણીની શરૂઆત એસેટ મેનેજર જે.એન. સુકનંદને નેતૃત્વમાં ભવ્ય ધ્વજવંદન સમારોહ સાથે કરાઈ હતી. જે.એન. સુકનંદન. ત્રિરંગા લહેરાતા જ, હવા રાષ્ટ્રગીત થી ગુંજી ઉઠી હતી.દેશભક્તિ અને ગર્વની ઊંડી ભાવના જગાડી. આ સમારોહમાં વરિષ્ઠ અધિકારીઓ, કર્મચારીઓ, કલેક્ટિવ ના પ્રતિનિધિઓ અને ઓ.ઓ.એમ.એસ, સી.આઈ.એસ.એફ., એસ.આર.પી.એફ. કેન્દ્રીય વિદ્યાલય અને શિશુ વિહાર ના સભ્યોની ભાગીદારી જોવા મળી હતી. એસેટ મેનેજર. જે.એન. સુકનંદને આ પ્રસંગે

અનુસંધાન પાના ૭ પર

# સત્ગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ'કૌસ્તુભ એવોર્ડ' થી સન્માનિત

## વિશ્વબંધુત્વનો ભાવ ને દર્શાવતો મહારાષ્ટ્રનો ૫૯મો નિરંકારી સંત સમાગમ ધામધૂમથી સંપન્ન

સુરત, તા.૩૦

મહારાષ્ટ્ર ના ત્રણ દિવસીય ૫૯ મા વાર્ષિક નિરંકારી સંત સમાગમનું ૨૬ મી જાન્યુઆરીના રોજ સાંગલી ખાતે ભવ્ય અને સફળતાપૂર્વક સમાપન થયું છે.આ અવસરે સત્ગુરૂ માતા સુદીક્ષા જી મહારાજે લાખો ભક્તોને સંબોધન કરતાં કહ્યું હતું કે શાશ્વત નિરાકાર પ્રભુ પરમાત્માની અનુભૂતિ પ્રાપ્ત કરીને જીવનમાં પ્રેમ-દયા અને કરૂણાને અપનાવવી એ દરેક યુગની જરૂરિયાત રહી છે.

સત્ગુરૂ માતાજીએ કહ્યું હતું કે મનુષ્યનો દ્રષ્ટિકોણ ઘણીવાર નકારાત્મક બની જાય છે, જ્યાં સદગુણોમાં પણ દુર્ગુણો શોધવામાં આવે છે, જયારે સંતો પ્રભુ-પરમાત્માની અનુભૂતિ કરી જીવન જીવીને અંધકારમાં પણ પ્રકાશના કિરણનો આધાર લેતા હોય છે. તેઓ બ્રહ્મજ્ઞાનના દ્વારા ફક્ત પોતાના જીવનને જ ઉજ્વલ નથી કરતા પરંતુ સમાજને પણ પ્રબુદ્ધ બનાવે છે. સંતોના જીવનની વિશેષતા બતાવતાં સત્ગુરૂ માતાજીએ કહ્યું કે સંતોનું જીવન ઢોંગ, છળકપટથી મુક્ત સહજ, સરળ અને તમામના કલ્યાણ માટે સમર્પિત હોય છે. સત્ગુરૂ માતાજીએ નિરંકારી ભક્તોને સત્સંગ-સેવા અને સુમિરનના માધ્યમથી આત્મનિરીક્ષણ કરીને સજાગ અને સકારાત્મક જીવન જીવવા આહ્વાન કર્યું હતું. સંત નિરંકારી સેવાદળના સદસ્યો અને શ્રદ્ધાળુ ભક્તોને સંબોધન કરતાં સત્ગુરૂ માતાજીએ કહ્યું હતું કે જીવનમાં નિરાકાર પ્રભુ-પરમાત્માને પ્રાથમિકતા આપીને સમર્પણભાવથી સેવા કરવી જોઈએ. સેવા એ ફક્ત એક પ્રવૃત્તિ નથી પરંતુ દિલથી, શ્રદ્ધા અને સત્કારભાવથી કરવામાં આવતી આધ્યાત્મિક સાધના છે. સંત સમાગમના ત્રણે દિવસોમાં કવિ દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આત્મમંથન વિષય ઉપર દેશ-વિદેશથી આવેલા કુલ-૨૨ કવિઓએ પોતાની કવિતાઓનું પઠન કર્યું હતું જેને શ્રોતાઓએ તાળીઓ પાડી વખાણી હતી,જેમાં મરાઠી, હિન્દી, પંજાબી, હરિયાણવી, ભોજપુરી તથા અંગ્રેજી ભાષામાં કાવ્ય પાઠ કરવામાં આવ્યો હતો.

# મીંઢાળા ચેક પોસ્ટ પાસેથી દારૂ ભરેલી ઈનોવા ગાડી ઝડપાઈ

## રૂા.૭.૫૭ લાખનો મુદ્દામાલ કબજે કરતી પોલીસ

સુરત, તા.૩૦

કડોદરા તારીખ ૨૯ પલસાણા ના માખીગા ગામની સીમમાં મીઢોળા ચેક પોસ્ટ પાસે મુંબઈથી અમદાવાદ નેશનલ હાઈવે નંબર ૪૮ જતા રોડ ઉપરથી ઈનોવા ગાડીમાં લઈ જવા તો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો પોલીસે રૂ ૭.૫૭ લાખનો મુદ્દા માલ સાથે ડ્રાઈવરની અટક કરી હતી પલસાણા પોલીસને બાતમી મળી હતી કે નવસારી તરફથી એક ટોયાટો કંપનીની ઈનોવા ફોરવીલ જેનો નંબર એમ એચ ૦૧ વી એ ૫૦૦૨ ની આવે છે અને જેમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલ છે અને જે કડોદરા તરફ જનાર છે એવી બાતમી ના આધારે મોજે માખીગા ગામની સીમમાં મીઢોડા ચેકપોસ્ટ પાસે મુંબઈ થી અમદાવાદ નેશનલ હાઈવે ૪૮ જતા રોડ ઉપર આવી વાહન ચેકિંગ કરતા હતા દરમિયાન બાતમી હકીકત વાલી ઈનોવા કાર આવતા તેને રોકી કારમાં તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે ૧૦૦૮ વિદેશી બોટલ દારૂ જેની કિંમત રૂપિયા ૨,૫૨,૦૦૦ તથા કાર જેની કિંમત રૂપિયા ૫૦૦૦૦ તથા મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૦૦૦ તથા રોકડા ૨૭૦ મલીકુલ્લે રૂ ૭૫૭૨૭૦ નો મુદ્દા માલ કબ્જે કરી ડ્રાઈવર અદનાન ઈકબાલ લોખંડવાલા મહારાષ્ટ્ર ની ધરપકડ કરી હતી પોલીસે જથ્થો ભરી આપનાર તથા પ્રોહી જઠો મંગાવનાર શંકર પચમ સિંગ યાદવ રહે કડોદરા નાઓને વોન્ટેડ જાહેર કર્યા છે

# સલાબતપુરામાં કચરો લેવા ૨૦ દિવસથી ગાડીઓ આવતી નથી

સુરત, તા.૩૦

સલાબતપુરા વિસ્તારમાં છેલ્લા ૨૦ દિવસ થી કચરો લેવા આવતી ગાડી નથી આવી વિસ્તારના લોકો ની મુશ્કેલી વધી. મહા. ન. પાલિકા મા ફરિયાદ છતા ૨૦ વિસ દિવસથી ઘરે ઘરે કચરો લેવા આવતી કચરાગાડીના દર્શન દુર્લભ થઈ ગયા છે. સલાબતપુરા મોમનાવાડ, દોડીયાવાડ, બક્ષીની વાડી કામેલાદરવાજા રોડ નવાચાલ વિસ્તાર ના લોકોની કફોડી હાલત થઈ ગઈ હોવાનું અસદ કલ્યાણ માજી કોર્પોરેટર દ્વારા જણાવાયું છે.

# ૨૧ અને ૨૨ ફેબ્રુઆરીએ લંગર ખાતે 'ડુમસ આર્ટ ફેસ્ટિવલ-૨૦૨૬' યોજાશે

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કલાની ઉજવણી હવે દરિયાકાંઠે કરાશે

સુરત, તા.૩૦

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની આર્ટ એન્ડ કલ્ચર કમિટી દ્વારા તા. ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બે દિવસ દરમ્યાન ડુમસ સ્થિત લંગર ખાતે 'ડુમસ આર્ટ ફેસ્ટિવલ– ૨૦૨૬'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ ફેસ્ટિવલનો હેતુ કલાકારોને તેમની કલા પ્રદર્શિત કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. દરિયાકાંઠે યોજાતો આ ફેસ્ટિવલ, કલાને લોકો સુધી નજીક લાવવાનો પ્રયાસ છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરતમાં કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતું આ મહત્વપૂર્ણ આયોજન છે. તેમણે વધુમાં કહ્યું કે, ચેમ્બર દ્વારા સુરતમાં કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાની દિશામાં લેવાયેલું આ એક મહત્વપૂર્ણ પગલું છે. ચેમ્બરનું માનવું છે કે આવા કાર્યક્રમો દ્વારા સ્થાનિક તેમજ રાષ્ટ્રીય સ્તરના કલાકારોને યોગ્ય ઓળખ અને પ્રોત્સાહન મળે છે.

આર્ટ ફેસ્ટિવલ સવારે ૭.૦૦થી ૧૧.૦૦ અને સાંજે ૪.૦૦થી ૯.૦૦ કલાક દરમિયાન ખુલ્લો રહેશે, જેમાં કલાકારો દ્વારા પેઈન્ટિંગ (બધા પ્રકાર), શિલ્પકલા, સ્કેચિંગ અને ડ્રોઇંગ, કેલિગ્રાફી, ડિજિટલ આર્ટ, ફોટોગ્રાફી,

અનુસંધાન પાના ૭ પર

# ભણતરના વહેણ આગળ આ ભાષાના બાંધનું શું ગજું!

ભણતરની રેલગાડીમાં ભલે હોય દ્વિભાષી પેસેન્જર પરંતુ આખરે કાર્યશૈલી, અનુભવ અને આવડતની લીલી ઝંડી નહીં મળે ત્યાં સુધી કાંઈક પણ શક્ય નથી. આજ સુધી લોકોના માનસમાં આ વાત ઉતારવી અને અનુસરણમાં લાવવી ખૂબ મુશ્કેલ રહી છે.કારણ ક્યાંક ને ક્યાંક દેખા-દેખી, વિચાર શૈલીમાં વિરોધાભાસ, ખોટા માર્ગદર્શક ને બઢાવો વગેરે. આખરે જીવ્હા તો જીવ્હા આપણે જેમ વાળીએ તેમ વળે, બોલવામાં હરિ બોલેય બોલે અને ગરમ માહોલમાં મુખ દ્વારા કાન ચીરી દેતા તણખાય છુટે.

આવી જ એક કોમળ અને સુંદર એવી ફુલની કળીને કેવો માહોલ આપવો એ ઉપર થતી ચર્ચા એ ક્યારે વાવાઝોડાનું રૂપ લઈ લીધું કોઈ જાણી ના શક્યું.એક ભાષાને લઈને થયેલી રિકજીકનો નમૂનો છુટા-છેડા સુધી પહોંચી ગયો આ જ છે માણસનું માનસ ગરદન કપાવી દેશે પરંતુ કદીય નમતું મુકશે નહીં.

હસતી રમતી બાળકી જીનલ એટલે પંચાલ પરિવારના ખોળેથી ખળ-ખળ વહેતી નદી. જેને સંસ્કારોની માટીથી એક મજબૂત પાળ બંધાવામાં આવે તેમ તે દિશામાં તે વળે તેવી ઉંમર. દાદા દાદીની વાર્તાઓ અને મમ્મી પપ્પાની શિસ્તબદ્ધ વાતો. આ જ હતી એની ઘર સુધીની કહાની હવે સમય આવ્યો હતો શિક્ષાના ધોરણે પગલું માંડવાનો. પિતા મયુરભાઈ શહેરના નામી વકીલ જેમની દલીલ એટલે પથ્થરની લકીર. માતા રીંકલબેન સાહિત્ય પ્રેમી તથા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં ખૂબ જ સારા પદે કામગીરી બજાવે.

ભણતરન થકી બંધાઈ ગુથાઈને પોતાના જીવનના ચિત્રોમાં રંગો ભર્યા. હવે વારો આવ્યો એમની સંતાનનો. જે માટે બંનેએ એક રાતે સાથે બેસી પોતાના મતો રજૂ કર્યા. બાળકી માટે કઈ સ્કૂલ સારી ? અને ક્યાં તે આગળ એક સારું ભવિષ્ય બનાવી શકશે? વગેરે. ધીરે ધીરે મતો દલીલોમાં ફેરવાયા અને ક્યારે યુદ્ધના તીર બની ગયા કોઈને ખબર જ ના પડી. અને એ દલીલો હતી ભાષાની.

પિતાનો મત મારી બાળકી આજના જમાના સાથે પગલાં માંડતી અંગ્રેજી ભાષા શીખે અને એમાં એનું ભવિષ્ય ઉજવળ બનાવે. માતા રીંકલબેન ગુજરાતી માધ્યમ માટે પોતાના મતનું જોર આપી રહ્યા હતા. કારણ પોતાનામાં રહેલી શબ્દ ભંડોળ અને અલંકારોની સમજ આગળ જતા દીકરીમાં પણ આવે એવું તેઓ ઈચ્છતા હતા. જે રસ્તે તેઓ પોતાની કારકિર્દી ના બનાવી શક્યા. તે રસ્તે રીંકલબેન પોતાની દીકરીને એક સારા પદે જોવા માંગતા હતા. અંતે આ મુદ્દાને લઈ ઘણી લડાઈ થઈ, વાદ-વિવાદ બાદ દાદા-દાદી આ માહોલ ને ઠંડો કરવા વચ્ચે આવ્યા. પરંતુ વાત ત્યાં હદ વટાવી ગઈ હતી.

આ ઘોર સંઘર્ષ બાદ બંને પતિ પત્ની પોતાના બાળકના માનસ અંગે વિચારી જ ના શક્યા. ગુસ્સામાં પિતા જીભ પરથી કાબુ ખોઈ બેઠા. અને વેણ છૂટ્યું, છુટા-છેડા. જો તે મારા વિચારોને માન નથી આપતી તો શું કામ છે સાથે રહેવાનું. માતા પણ આ બોલ સાંભળતા ગુસ્સે થયા અને આ વાત ખરેખર છુટા છેડા સુધી પહોંચી ગઈ.

હવે વાત આવી એ કોમળ ફૂલની જેને રોજ સૂર્યપ્રકાશ તથા પાણી એમ બંનેની જરૂર હતી પરંતુ બંને વચ્ચે થયેલો આ વિરોધાભાસે આ ફૂલ જેવી દીકરી જીનલને ખૂબ ખરાબ રીતે અસર કરી.આ બાદ જીનલની કસ્ટડી માતા રીંકલબેન ને અપાઈ. અને પિતા પોતાની ઉગ્રતામાં લેવાયેલા નિર્ણય ઉપર કાયમ રહ્યા. સમય જતા બાળકી અંદરો અંદર મૂંઝાતી રહી, માતા અને પિતા બંનેના પ્રેમ માટે રળતી અને એ પહેલાંના દિવસો યાદ કરતી. આ બાદ બાળકીએ જીદ નું જોર પકડ્યું અને માતા અને પિતા બંનેના પ્રેમ માટે એણે ખોરાકનો ત્યાગ કરી દીધો. જાણે હસવાનું રમવાનું ભૂલી ગઈ હોય એવું તેનું વર્તન થઈ ગયું હતું.

આ જોતા માતાને ખુબ ચિંતા થઈ અને તેણે આ અંગે મયુરભાઈ જોડે વાત કરી કે આપણી બંનેની જવાબદારી છે આપણું સંતાન છે તો એના ઉજવળ ભવિષ્યના નિર્ણય આપણે બંને સાથે મળી લઈએ. મયુરભાઈ પણ આ સાંભળતા જ પાછલી બધી વાતો ભૂલી ગયા અને બંનેએ પહેલાની જેમ સાથે બેસી આના ઉપર વિચાર વિમર્શ કર્યો.

શાંતિપૂર્ણ અને સમજદારી પૂર્વક કરાયેલી આ ચર્ચામાં બંનેને એક સારો રસ્તો શોધવામાં સફળતા મળી એ હતો, ગુજલીસ માધ્યમ થકી ભણાવતી સ્કૂલ. જે બંનેના વિચારોને મેલ ખાતી હતી. અને આ જ એક શરૂઆત હતી વિદ્યાર્થીઓને બંને ભાષાઓની સમજણ એક છત નીચે આપી શકવાની.

# બાળકને ઈન્ટરનેટનો ઉપયોગ યોગ્ય રીતે કરતા શીખવો

૧૦થી ૧૨ વર્ષની વય વચ્ચેના બાળકો, જે હજુ ટીનએજમાં પ્રવેશ્યાં પણ નથી, તેમનાં માતા-પિતાની ફરિયાદ હોય છે કે તેમનાં બાળકો છુપાઈને કમ્પ્યુટરમાં કે મોબાઈલમાં એડલ્ટ પ્રકારની સાઈટ્સ જોતાં પકડાયાં. શું કરવું? ખૂબ ચિંતા થાય છે. તેમને ધમકાવાતા નથી અને તેમની સાથે આ મુદ્દાની વાત ઉખેળવાની હિંમત ચાલતી નથી. બાળકની પુખ્તતા અથવા તે ૨૦ વર્ષનાં થાય અને આવી સાઈટ્સ ન જુએ તેવું હવેના સમયમાં શક્ય નથી. બાળકોની સામે આ પ્રકારની સાઈટ્સ બને તેટલી મોડી આવે તેવું કૌટુંબિક સ્તરે વાતાવરણ ગોઠવવું. આ માટે શું કરી શકાય તે જોઈએ.

મોટા ભાગે બાળક એકલું હોય ત્યારે કુતૂહલ અને સાહસ માટે આ પ્રકારના પ્રોગ્રામ્સ સુધી પહોંચી જાય છે. મોટા ભાગે બાળકો એવું વિચારતાં હોય છે કે આ પ્રકારના પ્રોગ્રામ તેઓ છેલ્લી વાર જોશે. તે ૭ વર્ષના હોય ત્યારથી જ તેના બીજા ૫ વર્ષ માટે તે રમત-ગમત, સંગીત, ચિત્રકામમાં વ્યસ્ત રહે તે પ્રમાણે સમયનું આયોજન કરવું જોઈએ. ઘરના ટીવીને જ કમ્પ્યુટરમાં ફેરવી દેવું કે જેથી બાળક તેનું હોમવર્ક મોટા ટીવી પર બધાંની હાજરીમાં જ કરે. વડીલોએ પણ કામ વિના ફોન ન વાપરવો. બધાં કુટુંબીજનો સાથે હોય ત્યારે જ તેણે તેનાં સ્કૂલનું હોમવર્ક અથવા તો કોઈ માહિતી માટે કમ્પ્યુટર-ઈન્ટરનેટ ખોલવું જોઈએ. તેનામાં ગેમ રમવા કરતાં વાંચનની આદત કેળવવી જોઈએ. સ્માર્ટ ફોન, લેપટોપ અને ટેબ્લેટનો ઉપયોગ ઈન્ટરનેટ વિના ઘરમાં થાય તેવું આયોજન કરવું જોઈએ. જે બાળક કોઈ રમત-ગમતમાં રસ લેતાં નથી અને ઘરમાં પણ ખૂબ એકલાં રહેતાં હોય તો તે બાળક કોઈ એડલ્ટ સાઈટ ઝડપથી જોઈ તો લેશે અને ફરી વારંવાર આ પ્રકારની સાઈટ કેવી રીતે જોવી તેના રસ્તા વિચારશે. ૧૫ વર્ષથી મોટું બાળક જોતાં પકડાય તો આ પ્રકારના પ્રોગ્રામોની અશરો અને તેના ભવિષ્યના પરિણામો વિશે તેને ખૂબ શાંતિથી જણાવી હવે યોગ્ય નિર્ણય તુ જ લેજે તેમ જણાવી દેવું. તેના પર ખાસ વોચ રાખવી કે ઘરમાંથી ઈન્ટરનેટ કઢાવી નાખવું તે યોગ્ય નથી. બધું યથાવત રાખી બાળક સાથે હકારાત્મક અભિગમથી વર્તો. બાળકને પોતાને લાગશે કે મમ્મી-પપ્પાએ મારા પર વિશ્વાસ રાખેલ છે, જે મારે તોડવો ન જોઈએ અને તેમના સપનાં પૂરાં થાય તેવા મારે પ્રયત્નો કરવા જોઈએ. આમ, ઘણા માતા-પિતા આવા પ્રસંગો બાદ બાળકનો આત્મવિશ્વાસ વધારવાની તક ઝડપી લે છે. તેમના અને બાળકના સંબંધમાં પણ ઉષ્મા વધે છે. આવી ઘટના બાદ બાળકને મારવાં, ધમકાવવાં કે તેને ઘરની બહાર કાઢી મૂકવા એ માતા-પિતાની અપરિપક્વતા સૂચવે છે.

# મૌન ક્યારેક વધારે અસરકારક નીવડે છે

કહી દેવું સારું છે, પણ ઘણી વાર મૌન રહેવું તેનાથી વધારે સારું રહે છે. શબ્દો સંબંધો જોડે છે, તો ક્યારેક તોડે પણ છે. જરૂર હોય ત્યારે જ બોલવું અને બને ત્યાં સુધી મૌન રહેવું વધારે જરૂરી છે. મનની વાત મુક્ત રીતે કહેવી વધારે સારું છે, પણ દરેક સ્થિતિમાં એવું શક્ય નથી. કોઈને વણમાગ્યે સલાહ આપવી કે બીજાની વાતને પોતાના સુધી જ મર્યાદિત ન રાખતા અન્ય કોઈની સાથે શેર કરવી તમારા વ્યક્તિત્વ પર અસર કરે છે. જો બે લોકો વચ્ચે કોઈ વાત અંગે દલીલ થતી હોય તો એમના કહ્યા વિના જાતે જ સલાહ આપવી યોગ્ય નથી. તમારા મનથી સારું- ખરાબ નક્કી કરીને કોઈ એકનો પક્ષ લેવો પણ યોગ્ય નથી. હા, જો તેઓ તમારી સલાહ માંગે તો ચોક્કસ જણાવો. ઘણી વાર અજાણતાં જ બીજાની વાત અન્ય કોઈ સાથે શેર થઈ જાય છે. જેમ કે,જો કોઈની કંઈ ખામી અથવા તેમની અંગત વાતનો તમને ખ્યાલ આવી જાય તો તે તમારા નિકટજનો અથવા મિત્રો સાથે શેર ન કરો. એટલું જ નહીં, જો કોઈ વ્યક્તિ પણ તમને બીજા કોઈના જીવન વિશે વાત કરે, તો પણ તેને અટકાવી દો. સામાન્ય રીતે સહકર્મચારીના ઘરે જઈએ તો તેઓ પોતાના બાળકોના અભ્યાસની ફરિયાદ જરૂર કરે છે. એવામાં બાળકમાં રહેલી ખામીઓ ગણાવવાને બદલે ચૂપ રહો તે વધારે સારું છે. બાળક ક્યા કારણસર અભ્યાસ ન કરી શક્યું તે તમે જાણતા નથી અને વળી, ત્યારે તમે હાજર પણ નહોતા. આવી સ્થિતિમાં માત્ર



તેમની વાત સાંભળો, બાળકની ખામીઓ શોધવા ન બેસો. એટલું જ નહીં, તમારા અંગત જીવનના ઉદાહરણ પણ ન આપો. ઓફિસની વાત ઓફિસ પૂરતી જ મર્યાદિત રાખો. ઘણી વાર લોકો ઓફિસમાં થયેલી ચર્ચાની વાત ઘરમાં કરે છે. એવામાં પરિવારજનોના મનમાં એ વ્યક્તિ પ્રત્યે કટુતા ઘર કરી જાય છે. બની શકે કે થોડા સમયમાં તમારા અને સહકર્મચારીના સંબંધો પહેલાં જેવા થઈ જાય, પણ તમારા સ્વજનોના મનમાં જે કટુતા ઘર કરી ગઈ, તે તો રહેવાની જ. તમારી વાતચીત સામાન્ય થઈ જાય પણ તેમના પ્રત્યે પરિવાર એટલો સહજ નહીં થઈ શકે. જ્યાં સુધી કોઈ વાત મહત્ત્વની ન હોય ત્યાં સુધી તે વિશે ઘરમાં જાણ ન કરો.

# ઉનાળામાં પણ ત્વચાનો કુદરતી ભેજ જાળવી રાખો

તમે જો વિચારતાં હો કે મોઈશ્ચરાઈઝર લગાવવાની જરૂર માત્ર શિયાળામાં જ પડે છે, તો તમારી માન્યતા ખોટી છે.મોઈશ્ચરાઈઝર એક એવું સૌંદર્ય પ્રસાધન છે, જેનો ઉપયોગ તમારે આખું વર્ષ કરવાની જરૂર છે. મોઈશ્ચરાઈઝરથી તમારી ત્વચા કોમળ અને મુલાયમ તો રહે જ છે, ત્વચાનો કુદરતી ભેજ પણ જળવાઈ રહે છે. જોકે એના માટે ત્વચા પર મોઈશ્ચરાઈઝરના થર કરવાની જરૂર નથી. યોગ્ય રીતે મોઈશ્ચરાઈઝર લગાવવાથી ત્વચા કાંતિવાન બને છે. જાણીએ, મોઈશ્ચરાઈઝર લગાવવાની સાચી રીત અને તે લગાવતી વખતે શાનું ધ્યાન રાખવું જોઈએ ?

-સૌથી પહેલાં તો તમારી ત્વચાના પ્રકાર અનુસાર મોઈશ્ચરાઈઝરની પસંદગી કરો. ઘણી યુવતીઓને ખ્યાલ નથી હોતો કે ત્વચાનાં અલગ અલગ પ્રકાર હોય છે. કોઈની ઓઈલી ત્વચા હોય છે, તો કોઈની નોર્મલ અને કોઈની ત્વચા ડ્રાય હોય છે. એવામાં તમારી ત્વચા કેવા પ્રકારની છે, તે અનુસાર મોઈશ્ચરાઈઝરની પસંદગી કરો.

- જો તમારી ત્વચા ઓઈલી હોય તો તે મુજબ ઓઈલ- ફ્રી અથવા રેગ્યુલર મોઈશ્ચરાઈઝર લગાવી શકો છો. નોર્મલ ત્વચા હોય તો એ માટે રેગ્યુલર મોઈશ્ચરાઈઝર લગાવી શકો છો. નોર્મલ ત્વચા હોય તો માટે રેગ્યુલર મોઈશ્ચરાઈઝર અને જો તમારી ત્વચા ડ્રાય હોય તો ઉનાળામાં પણ તમારે ઓઈલ અથવા ક્રીમ બેઝ્ડ મોઈશ્ચરાઈઝર લગાવવું જોઈએ.

- તમે પસંદ કરેલ ત્વચાના પ્રકાર અનુસારનું મોઈશ્ચરાઈઝર જો એસપીએફ ધરાવતું હોય તો વધારે સારું રહે છે. એનાથી ત્વચાને સન પ્રોટેક્શન પણ મળે છે.

# આપણા વર્તનનું અદૃશ્ય બળ છે આપણી માન્યતાઓ

**જે લાંબા સમયે પથ્થરને પીળગાવે છે. ક્યારેક આપણે તેજગતિએ તદ્દન અલગ જ માહોલમાં ફેંકાઈ જઈએ છીએ. જે આપણા વિચારો કરતાં એકદમ જ અલગ હોય તો આ પ્રક્રિયા ઝડપથી થાય છે. નવા દેશમાં નવા સમાજમાં જઈએ**

આપણું વ્યક્તિત્વ, જનીન અને આદતોની સાથે આપણી માન્યતાઓ એક મહત્વનું પરિબળ છે જે આપણી નિર્ણયશક્તિ પર મહત્વની અસર કરે છે. આપણી વાતચીતની શૈલી તથા જીવનમાં બનતી ઘટનાઓ પ્રત્યે પ્રતિક્રિયા આપવાની રીતનો આધાર પણ આપણી માન્યતાઓ પર છે. સામાન્ય રીતે વ્યક્તિનું વર્તન જનીન કે આસપાસના પરિસર પર આધારિત હોય છે. આ વિશે લાંબા સમયથી ચર્ચાઓ પણ થઈ રહી છે. માન્યતાઓ આપણી આસપાસ રહેલા પરિસરનો એક હિસ્સો છે. માનવી જીવનકાળ દરમિયાન વિવિધ પાસાઓ વિશે જાતજાતની માન્યતાઓ એકઠી કરે છે અન્યો જે કહે, આપણે જે વાંચીએ, સાંભળીએ કે અન્ય બાહ્ય પ્રભાવોને આધાર આપણી માન્યતાઓ બંધાય છે. આ તમામ માન્યતાઓ એકમેક સાથે સંકળાયેલી હોય છે. અસર કરે છે અને સાથે મળીને એક સિસ્ટમનું ગઠન થાય છે. સિસ્ટમ એ જૂની વાતોનો સંગ્રહ માત્ર નથી, પરંતુ એવા તત્ત્વોનું જોડાણ છે જે એવી રીતે ગોઠવાય છે જેનાથી કંઈક મેળવી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો સિસ્ટમમાં મુખ્ય ત્રણ બાબતોનો સમાવેશ થાય છે પ્રથમ તેમાં તત્ત્વોનો સમૂહ હોય છે. બીજું આ તત્વો એકમેક સાથે જોડાયેલા હોય છે અને ત્રીજું આ તત્વોનું ગઠન ધ્યેય હાંસલ કરવા માટે થાય છે. અહીં એક વાત સમજી લેવા જેવી છે કે માન્યતાઓની સિસ્ટમના તત્વો માન્યતા જ હોય છે. આમા આપણાં મૂલ્યો અને ધારણાઓ એકમેક સાથે જોડાયેલી હોય છે અને તેમાંની એકમાં ફેરફાર થાય તો બધીમાં ફેરફાર જોવા મળે છે. એમાં પણ જો કેન્દ્રમાં રહેલી માન્યતા બદલાય તો સમગ્ર સિસ્ટમ ખોડંગાય છે. માન્યતાઓના સમૂહમાં બદલાવ આવે તો સિસ્ટમને તે અનુસાર કરવા બીજી માન્યતાઓ ઘડાય છે. છેવટે કોઈપણ માન્યતાઓનું અંતિમ ધ્યેય માનવીય અસ્તીત્વને ટકાવવાનું અને ભાવિપેઢીને તેનો વારસો આપવાનું છે. ઉત્ક્રાંતિ થવા સાથે માનવીનું મગજ અને સંસ્કૃતિનો ઝડપથી વિકાસ થતો ગયો. શારીરિક વિકાસ કરતાં સાંસ્કૃતિક વિકાસ વધુ ઝડપથી થતો ગયો. માનવીય અસ્તિત્વને ટકાવવાના ભાગરૂપે થતા વિકાસની સાથે માન્યતાની સિસ્ટમનો પણ વિકાસ થતો ગયો. અસ્તિત્વની સાથે માન્યતાઓ જીવનનો અન્ય પાંસાઓ સંબંધિત ધ્યેયને હાંસલ કરવા માટે પણ હોય છે. ઉદાહરણ તરીકે ડેટિંગ અને સેકસ્યુઆલિટી સંબંધિત માન્યતાઓ ભાવિપેઢીને જનીન આપવા માટેની હોય છે. અસારકારક નિર્ણયશક્તિ, વાટાઘાટ કરવાની આવડત અને વ્યવહાર સંબંધિત માન્યતાઓ સમાજમાં પ્રતિષ્ઠા મેળવવામાં મદદ કરે છે જયારે ચિંતા અને અનિશ્ચિતતા સંબંધિત માન્યતાઓ એવી સ્થિતિમાં માનસિક સંતુલન જાળવવામાં મદદ કરે છે. તમામ તત્વો વચ્ચે એકરૂપતા જાળવવાનું કામ સિસ્ટમ કરે છે. સમયના પસાર થવા સાથે સિસ્ટમથી વિપરીત વિચારો અને માન્યતાઓથી પરિચિત થાય છે ત્યારે શક્ય છે કે તે પોતાની વર્તમાન માન્યતાઓ વિશે શંકા કરે. મોટે ભાગે ક્રિયા પથ્થર પર ટીપુંટીપું પાણી પાડવા જેવી હોય છે. જે લાંબા સમયે પથ્થરને પીળગાવે છે. કયારેક આપણે તેજગતિએ તદ્દન અલગ જ માહોલમાં ફેંકાઈ જઈએ છીએ. જે આપણા વિચારો કરતાં એકદમ જ અલગ હોય તો આ પ્રક્રિયા ઝડપથી થાય છે. નવા દેશમાં નવા સમાજમાં જઈએ ત્યારે આ અનુભૂતિ થાય છે. જોકે અચાનક આપણી માન્યતાઓ તૂટે ત્યારે તેની આપણા સમગ્ર વ્યકિતત્વ ઉપર ઉંડી અસર થાય છે. માન્યતા કરતા એકદમ વિપરીત સ્થિતિમાં મુકાઈ જાઓ ત્યારે ગુસ્સો, મુંઝવણ, આઘાત કે હતાશા જેવી લાગણી પણ થઈ શકે છે અને ધરમૂળથી બદલાયેલા સંજોગોમાં કેન્દ્રમાં રહેલી માન્યતાને પણ અસર થાય છે આ કેન્દ્રીય માન્યતા તમે કોણ છો તેના પર આધારિત હોય છે અને તેને અસર થતાં વ્યક્તિ પોતાની ઓળખ વિશે પણ શંકા થવા લાગે છે. વ્યક્તિ કોઈ બીજી સંસ્કૃતિમાં પ્રવેશે છે ત્યારે તેને કલ્ચરલ શોક (સાંસ્કૃતિક આઘાત) લાગે છે. આમાં તે એવા માહોલમાં પહોંચી જાય છે કે તેની જીવન પ્રત્યેની અત્યાર સુધીની માન્યતાઓ કરતાં એકદમ વિરોધાભાસ હોય, આવામાં તેને પોતાની જીવન વિશેની માન્યતાઓ ભ્રામક લાગવા લાગે છે, પરંતુ કોઈપણ માન્યતાઓ તૂટે ત્યારે વૃદ્ધિ પામવાની તક પણ હોઈ શકે છે.

## તંત્રી લેખ...

શુક્રવાર, તા. ૩૦ જાન્યુઆરી ૨૦૨૬

# 'નવાં ભારત'નું શક્તિપ્રદર્શન

૭૭મા ગણતંત્ર દિવસની ઉજવણીએ દેશભરમાં રાષ્ટ્રભક્તિનો જુવાળ જોવા મળ્યો. આજનું ભારત આત્મવિશ્વસ્થ છે, સ્વાભિમાની છે, કોઈથી ડરતું નથી અને પડકારોને ભરી પીવામાં માને છે. પ્રજાસત્તાક દિવસની ઉજવણીના બે વિશેષ મહેમાન હતા, યુરોપીય પરિષદના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપીય સંઘના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયન. આ બંનેની ઉપસ્થિતિનું મહત્ત્વ ૨૭મીએ સમજાઈ ગયું, જ્યારે ભારત અને યુરોપીય સંઘ વચ્ચે વિધિવત મુક્ત વેપાર સંધિ થઈ. પ્રજાસત્તાક દિવસની ઉજવણી ગૌરવ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રીય ચેતના સાથે કરવામાં આવી. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના કર્તવ્યપથ પર આયોજિત ગણતંત્ર દિવસની પરેડ માત્ર ઔપચારિક સૈન્ય આયોજન જ નહીં, બલ્કે ભારતના વિકાસલક્ષી વિઝન, સામર્થ્ય, વૈવિધ્યસભર સાંસ્કૃતિક ઐક્ય, નારીશક્તિનું મહિમાગાન બની રહ્યું. આપણા સશસ્ત્ર દળોની વેધકતા અને ઘાતક શસ્ત્ર પ્રણાલી જોઈને શત્રુઓનાં હૈયાં બેસી જાય એ સ્વાભાવિક છે. ભારતની મિસાઇલ પ્રણાલી એસ-૪૦૦ની ઘાતકતા અને સચોટ પ્રહાર ક્ષમતાનો પરચો ઓપરેશન સિંદૂર દરમ્યાન પાકિસ્તાન સહન કરી ચૂક્યું છે. આ વખતની પરેડમાં કેટલીક નવી બાબતો જોવા મળી. મહિલા નેતૃત્વએ ઇતિહાસ રચ્યો, પ્રથમ જ વખત સીઆરપીએફની પુરુષ ટુકડીનું નેતૃત્વ મહિલા કમાન્ડન્ટ દ્વારા કરવામાં આવ્યું. આ કોઈ પ્રતિકાત્મક ચેષ્ટા નહોતી બલ્કે દુનિયાને સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે, ભારતની સુરક્ષા વ્યવસ્થામાં મહિલાઓ હવે નિર્ણાયક અને નેતૃત્વકારી ભૂમિકામાં આગળ વધી રહી છે. સૈન્ય અને અર્ધલશ્કરી દળોમાં મહિલાઓ મોટાં પ્રમાણમાં ભરતી થઈ રહી છે. ઉચ્ચ પદો પણ સંભાળે છે. ભારત એક એવું પ્રગતિશીલ રાષ્ટ્ર છે પુરુષ-સ્ત્રી સમાનતામાં માને છે. વળી આ બાબત આપણા એક સમયના રૂઢિચુસ્ત માહોલ અને માનસિકતામાં આવેલાં પરિવર્તનનુંય પ્રમાણ છે. 'ઓપરેશન સિંદૂર'નું લાઇવ પ્રદર્શન ઉપરાંત આકાશ અને બ્રહ્મોસ મિસાઇલ સિસ્ટમ, સૂર્યાસ્ત રોકેટ લોન્ચર, અર્જુન યુદ્ધ ટેન્ક તેમજ સ્વદેશી સૈન્ય પ્લેટફોર્મની શ્રેણીએ આત્મનિર્ભર ભારતનો સંકલ્પ વધુ દૃઢ કર્યો છે. રાફેલ, સુખોઇ, મિગ-૨૯ અને જગુઆર સહિત યુદ્ધવિમાનોએ સિંદૂર, વજ્રાંગ, અર્જુન અને પ્રહાર જેવી સંરચના દ્વારા આકાશમાં ભારતની સંરક્ષણ ક્ષમતાનું ભવ્ય પ્રદર્શન કર્યું, એ જોનારા હજારો નાગરિકો મંત્રમુગ્ધ બની ગયા હતા. ગણતંત્ર દિવસ પરેડમાં ભારતના જુદા-જુદા રાજ્યોના ટેબ્લોનું આકર્ષણ હોય છે. ગુજરાતના ટેબ્લો સાથે કચ્છના કલાકારોએ સતત બીજાં વર્ષે પ્રતિનિધિત્વ કર્યું. એકંદરે દરેક ઝાંખીનો સમાન સંદેશ છે, ભારતની બહુવિધતા અને એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવના. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા ત્રિરંગો લહેરાવવો, રાષ્ટ્રગાન બાદ ૨૧ તોપની સલામી અને ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને અશોકચક્રથી સન્માનિત કરવા એ બધી ક્ષણો દેશની સૈન્ય વીરતા, બલિદાન અને બંધારણીય મૂલ્યો તરફનાં ગાઢ સન્માનને દર્શાવે છે. સમગ્રતયા જોઈએ તો ૭૭મા પ્રજાસત્તાક પર્વની પરેડ માત્ર અતીતની સિદ્ધિઓનો ઉત્સવ જ નહીં, પરંતુ તે ભવિષ્યની દિશાનો સ્પષ્ટ સંકેત પણ હતી. આ પરેડ એવું દર્શાવે છે કે, ભારત એ આત્મનિર્ભર, ટેક્નોલોજીની દૃષ્ટિએ સક્ષમ, સૈન્યની રીતે સશક્ત અને વિશ્વમંચ પર આત્મવિશ્વાસથી છલકાતું રાષ્ટ્ર છે. કર્તવ્યપથ પર પ્રદર્શિત આ શૌર્ય વાસ્તવમાં નવાં ભારતની ઓળખ છે. એક એવું ભારત કે, જે પોતાની પરંપરાઓ પર ગર્વ કરે છે, તેની સાથે જ ભવિષ્યના પડકારોને ભરી પીવા માટે પણ સંપૂર્ણ તૈયાર છે.

**વળી આ બાબત આપણા એક સમયના રૂઢિચુસ્ત માહોલ અને માનસિકતામાં આવેલાં પરિવર્તનનુંય પ્રમાણ છે.**

## વિમાન અકસ્માતોની તપાસ બાદ કારણોનું નિરાકરણ થાય

બુધવારે સવારે બારામતીમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર સહિત પાંચ જણનો ભોગ લેનાર ગોઝારી વિમાન દુર્ઘટનાએ આવા દુ:ખદ બનાવોની યાદ ફરી તાજી કરાવી દીધી છે. રાબેતા મુજબ રીતે નાગરિક ઉડ્ડયન વિભાગે આ બનાવની તપાસના આદેશ આપી દીધા છે, પણ ભૂતકાળમાં બનેલા આગા ગમખ્વાર હવાઈ અકસ્માતોની તપાસ બાદ સરકારના જવાબદાર તંત્રોએ તેમાંથી બોધપાઠ લઈને વિમાની સફરને સલામત કરવાનાં પગલાં લેવામાં ધ્યાન અપાયું ન હોવાની હકીકત સામે આવી રહી છે. દરેક હવાઈ અકસ્માત વખતે બનતું આવ્યું છે તે જ રીતે અજિત પવાર અને તેમની સાથેના અન્ય ચાર જણનો ભોગ લેનારી દુર્ઘટનાએ અગાઉના આવા બનાવોની યાદ ફરી તાજી કરી દીધી છે. ભૂતકાળમાં પણ દેશના સંખ્યાબંધ રાજકીય નેતાઓ ઉપરાંત વેપાર અને ઉદ્યોગ જગતની હસ્તીઓનાં મોત આવી વિમાની અકસ્માતોમાં થયાં છે. બારામતીના બનાવ અંગે પ્રાથમિક રીતે સત્તાવાર ખુલાસો કરાયો છે કે, આ અકસમાત થયો તે સમયે રન-વે પર વિઝિબિલિટી ઓછી હતી. આવામાં પ્રથમ સવાલ એ થાય છે કે, જો આવી સ્થિતિ હતી, તો પછી વિમાનને ઊતરવાની મંજૂરી શા માટે અપાઈ હતી? બીજો સવાલ તરત થાય છે કે, આધુનિક વિમાની ટેક્નોલોજીના સમયગાળામાં આવી કોઈ પણ સ્થિતિમાં વિમાનને સલામતી રીતે ઉતારી શકાય છે. આજકાલ દેશમાં ભારે ધુમ્મસને લીધે વિમાની સેવાઓ સતત ખોરવાતી રહી છે. મહાનગરો અને મહત્ત્વના શહેરોમાં આવા વિઝિબિલિટીના પ્રશ્નને ઉકેલવા વિમાન મથકે ખાસ ટેક્નોલોજી સાથેનાં સાધન લગાવાયાં છે. આ સાધન વિમાનની સાથેની ટેક્નોલોજીની સાથે સમન્વય કરી તે ધુમ્મસમાં ઊતરવાનો માર્ગ મોકળો કરી આપે છે. આ માટે પાઇલોટને પણ ખાસ પ્રકારની તાલીમથી સજ્જ કરાય છે. ઉલ્લેખનીય છે કે, છેક ૧૯૮૦માં કોંગ્રેસના નેતા સંજય ગાંધીનું દિલ્હીમાં વિમાન દુર્ઘટનામાં મોત થયું હતું. તે પછી ૨૦૦૧માં માધવરાવ સિંધિયા, અરુણાચલપ્રદેશના માજી મુખ્યમંત્રી દોરજી ખાંડુ, ૨૦૦૧માં તે સમયના લશ્કરી દળોના વડા જનરલ બિપિન રાવત અને ગયાં વર્ષે ગુજરાતના માજી મુખ્યમંત્રી વિજય રૂપાણીને આપણે હવાઈ દુર્ઘટનામાં ગુમાવ્યા હતા. આમ નાનાં કે મોટાં વિમાનમાં હવાઈ સફર સલામત ન હોવાના પ્રસંગોની યાદી લંબાતી રહી છે. દુનિયામાં વિમાન અકસ્માતો તેમાં પણ ખાસ કરીને નાનાં વિમાનો તૂટી પડવાના બનાવ સતત સામે આવતા રહે છે. આજે હવાઈ સફર સમયની બચતનો પર્યાય બની રહી છે, ત્યારે વિશ્વની સાથોસાથ ઘર આંગણે ભારતમાં આ સફરને સલામત કરવા પર સુઆયોજિત રીતે પગલાં લેવાની જરૂરત સતત વર્તાઈ રહી છે. અજિત પવારનાં વિમાનને નડેલા અકસ્માતની તપાસમાં જે કોઈ કારણ સામે આવે, પણ તેને પુનરાવર્તન ન થાય તેના પર ખાસ ખ્યાલ રાખવાનો સમય પાકી ગયો છે. આમ નહીં થાય તો બીજા આવા દરેક અકસ્માત સમયે આવી જરૂરત સામે આવતી રહેશે.

**છાતીમાં હળવા દુખાવાને પણ હળવાશથી ન લઇ શકાય**

# માઇલ્ડ હાર્ટ અટેક પણ ખતરનાક છે

**હાર્ટ સાથે સંબંધિત બિમારી, હાર્ટ અટેક અને સ્ટ્રોકના કારણે ભારતમાં સૌથી વધારે લોકોના મોત થાય છે : હાર્ટ અટેક જીવલેણ છે**

હાર્ટ સાથે જોડાયેલી બિમારી, હાર્ટ અટેક અને સ્ટ્રોકના કારણે ભારતમાં સૌથી વધુ સંખ્યામાં લોકોના મોત થાય છે. આ જ કારણ છે કે હાર્ટ અટેકનુ નામ સાંભળતાની સાથે જ દર્દી ભયભીત થઇ જાય છે. આનુ કારણ છે કે હાર્ટ અટેકના કારણે મિનિટોની અંદર જ વ્યક્તિનુ મોત થઇ જાય છે. જો કે કેટલાક લોકોને હાર્ટ અટેકનો હળવો આંચકો આવે છે. જેને માઇલ્ડ હાર્ટ અટેક કહેવામાં આવે છે. આ માઇલ્ડ અટેક હાર્ટ અટેકના મોટા કારણ તરીકે હોય છે. માઇલ્ડ હાર્ટ અટેક મેડર અટેકના કારણ તરીકે હોય છે. જો કે જાણકારીના અભાવમાં લોકો આને હાર્ટ બર્ન અથવા તો ગેસની સમસ્યા સમજીને નજર અંદાજ કરી નાંખે છે. જે તેમના માટે ભારે પડી જાય છે. મેક્સ હોસ્પિટલના કાર્ડિયોલોજિસ્ટ ડોક્ટર વિવેક કુમાર કહે છે કે માઇલ્ડ હાટ અટેકના પણ કેટલાક લક્ષણો રહેલા છે. માઇલ્ડ હાર્ટ અટેક શુ છે તેની વાત કરવામાં આવે તો વિવેક કહે છે કે માઇલ્ડ હાર્ટ અટેકનુ નામ સામાન્ય ભાષામાં નાના હાર્ટ અટેક તરીકે કહેવામાં આવે છે. આમાં પણ પ્રક્રિયા તો એજ હોય છે. જે હાર્ટ અટેકમાં હાર્ટને સંપૂર્ણરીતે બંધ કરી નાંખે છે. જો કે આમાં હાર્ટને સંપૂર્ણરીતે નુકસાન થતુ નથી. ટ્રેડમિલ પર દોડતી વેળા પણ હાર્ટ અટેકનો ખતરો રહે છે જેથી સાવધાની જરૂરી રહે છે. ડોક્ટર વિવેક કહે છે કે માઇલ્ડ અટેક અથવા તો નાના અટેક બાદ શરીરમાં બ્લડ ફ્લો સામાન્ય થઇ જાય છે. જેથી લોકોને લાગે છે કે આ ગેસની સમસ્યા અથવા તો હાર્ટ બર્ન સમજીને નજરઅંદાજ કરી નાંખે છે. જો કે માઇલ્ડ હાર્ટ અટેકને મોટો હાર્ટ અટેકનો સંકત કહી શકાય છે. તેને ગંભીરતાની સાથે ગણવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારના મામલામાં આગામી ૩૦ દિવસોમાં ફરી એકવાર અટેક આવવાનો ખતરો રહેલો છે. આ હાર્ટ અટેક પણ મોટા હાર્ટ અટેકની જેમ જ હોય છે. જો કે આમાં દર્દીને સમય મળી જાય છે અને તે સારવાર કરાવી શકે છે. જરૂરી સાવધાની રાખવામાં આવે તે ખુબ જરૂરી છે. માઇલ્ડ હાર્ટ

અટેકમાં ભારે પણ લાગે છે. બેચેની રહે છે. જોકે આ લક્ષણની ઇન્ટેનસિટી ઓછી હોય છે. જેથી લોકો આને નજર અંદાજ કરી નાંખે છે. હાર્ટ અટેક પોતે એક ઇમરજન્સી મેડિકલ સ્થિતી છે. જેમાં કેટલીક વખત તો દર્દીને હોસ્પિટલમાં પહોંચવા માટેનો પણ સમય મળતો નથી. પોતાના નજીકના તબીબનો તરત સંપર્ક કરવામા આવે તે જરૂરી છે. માઇલ્ડ હાર્ટ અટેકની શક્યતા હોવાની સ્થિતીમાં દર્દીને ટ્રોપોનિન ટેસ્ટ માટેની સલાહ આપવામાં આવે છે. આમાં ઇસીજી, ઇકો અને કાર્ડિયેક એન્જાઇમ્સની ચકાસણીની સલાહ આપવામાં આવે છે. જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્દિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં

જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઇટ્રીક ઓક્સાઇડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઇન્ડોથેલિયમના નાઇટ્રીક ઓક્સાઇડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઇડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. નાઇટ્રી ઓક્સાઇડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસ બ્લેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઈ હતી.

**ભારતમાં કુલ ૩૫૧૮ કરોડ વૃક્ષો : વન્યોની કાપણીથી નુકસાન**

# ભારતમાં પ્રતિ વ્યક્તિ માત્ર ૨૨ વૃક્ષો

- **ભારતમાં પર્યાવરણ સંતુલનની દ્રષ્ટિએ પુરતા પ્રમાણમાં વૃક્ષો હજુ રહેલા નથી : પ્રતિ વ્યક્તિ વૃક્ષોના મામલે દુનિયામાં ભારત ખુબ પાછળ છે**

દેશમાં વૃક્ષોના નિકંદનને લઇને હમેંશા ચર્ચા રહે છે. આને લઇને કેટલાક સામાન્ય બુદ્ધીજીવી લોકો દ્વારા વારંવાર વાંધો ઉઠાવવામાં આવે છે. ઝડપી શહેરીકરણ અને વિકાસના નામે મોટા પાયે વૃક્ષોને કાપવામાં આવી રહ્યા છે. જુના વૃક્ષો કાપવામાં આવ્યા બાદ નવા વૃક્ષો પુરતા પ્રમાણમાં લગાડવામાં આવી રહ્યા નથી. જેના કારણે એક પ્રકારની જટિલ અને ગંભીર સમસ્યા છેલ્લા કેટલાક સમયથી સપાટી પર આવી રહી છે. ભારતની વાત કરવામા આવે તો ભારતમાં કુલ ૩૫૧૮ કરોડની આસપાસ વૃક્ષો રહેલા છે. ક્ષેત્રફળની દ્રષ્ટિએ જોવામાં આવે તો પ્રતિ સ્કવેયર કિલોમીટર કુલ ૧૧૧૦૯ વૃક્ષો રહેલા છે. જો વાત પ્રતિ વ્યક્તિ વૃક્ષોની કરવામાં આવે તો આ આંકડો માત્ર ૨૮ ઉપર આવીને રોકાઇ જાય છે. આ ત્રણ માપદંડના આધાર પર અમારી વૈશ્વિક રેન્કિંગ ક્રમશ ૧૭ અને ૧૦૩મી રહેલી છે. તેમજ ૧૨૫મી રહેલી છે. કેટલીક એવી જ સ્થિતી અમારા પડોશીઓની પણ રહેલી છે. ભારતની વાત કરવામાં આવે તો પર્યાવરણ સંતુલનની દ્રષ્ટિએ પુરતા પ્રમાણમાં વૃક્ષો રહેલા નથી. ભારત પ્રતિ વ્યક્તિ વૃક્ષોની સંખ્યાના મામલે હાલમાં દુનિયામાં ૧૫૧ દેશોની યાદીમાં ૧૨૫માં સ્થાને છે. જે સાબિત કરે છે કે વૃક્ષોના ઉગાડવા મામલે ભારત કેટલા પ્રમાણમાં ઉદાસીન છે. આ મામલે પડોશી દેશ પણ વધુ સારી સ્થિતીમાં દેખાતા નથી. પર્યાવરણમાં રહેલા કાર્બન ડાયોક્સાઇડને ઘટાડી દેવામાં વૃક્ષોની સૌથી મોટી ભૂમિકા રહેલી છે. કાર્બન ડાઇઓક્સાઇડને ઘટાડી દેવામાં મોટી ભૂમિકા અદા કરનાર એમેઝોન વર્ષા વન્ય આગની ચપેટમાં છે. સાથે સાથે કૃષિ ભૂમિ તૈયાર કરવા માટે તેની રેકોર્ડ લેવલ પર કાપણી કરવામાં આવી રહી છે. વન્યોની કાપણી આડેધડ કરવામાં આવી રહી છે. વન્ય વિસ્તારોની કાપણી વૈશ્વિક ચિંતાનો તો વિષય છે પરંતુ મોટા ભાગના દેશ વન્યોને બચાવવા માટે અને નવા વૃક્ષો લગાવવા માટે ગંભીરતા સાથે આગળ આવી રહ્યા નથી. ચીનને છોડી દેવાાં આવે તો અમારા પડોશી દેશ પણ સારી સ્થિતીમાં નથી. ચીન ૧૭૭૫૨

કરોડ વૃક્ષોની સાથે યાદીમાં પાંચમાં સ્થાને છે. શ્રીલંકા ૨૪૪ કરોડ વૃક્ષોની સાથે ૮૨માં સ્થાને છે. આવી જ રીતે પાકિસ્તાન ૯૯ કરોડ વૃક્ષોની સાથે ૧૦૫માં સ્થાને છે. બાંગ્લાદેશ ૯૬ કરોડ વક્ષોની સાછથે ૧૦૭માં સ્થાને છે. જો વાત પ્રતિ વ્યક્તિ વૃક્ષોની કરવામાં આવે તો આ યાદીમાં ચીન ૧૩૦ વૃક્ષોની સાથે યાદીમાં ૯૪માં, શ્રીલંકા ૧૧૮ વૃક્ષોની સાથે યાદીમાં ૯૭માં સ્થાને અને બાંગ્લાદેશ માત્ર છ વૃક્ષોની સાથે ૧૩૭માં સ્થાને છે. પાકિસ્તાન માત્ર પાંચ વૃક્ષોની સાથે યાદીમાં ૧૩૮માં સ્થાને છે. મધ્યપૂર્વના સાત દેશોમાં પ્રતિ વ્યક્તિ એક કરતા પણ

ઓછા વૃક્ષો છે. જેમાં સંયુક્ત અરબ અમિરાત તો એવા દેશ તરીકે છે જ્યાં પ્રતિ સ્કવેયર કિલોમીટર વૃક્ષોનો દર એક કરતા ઓછો છે. વૃક્ષોની સંખ્યાના મામલે રશિયા ૬૯૮૩૪ કરોડ, કેનેડા ૩૬૧૨૦ કોડ, બ્રાઝિલ ૩૩૮૧૬ કરોડ અને અમેરિકા ૨૨૮૬ કરોડ તેમજ ચીન ૧૭૭૫૩ કરોડ વૃક્ષોની સાથે ટોપના પાંચ દેશોમાં રહેલા છે. જો વાત જુદા જુદા મહાદેશોમાં પ્રતિ વ્યક્તિ વૃક્ષોની સંખ્યાની દ્રષ્ટિએ કરવામાં આવે તો ઉત્તરીય અમેરિકા મહાદેશમાં કેનેડા ૧૦૧૬૩, દક્ષિણ અમેરિકામાં બોલિવુયા ૫૪૮૦ , યુરોપમાં ફિનલેન્ડ ૫૫૬૭ એશિયા તેમજ ઓસિનિયામાં રશિયા ૪૮૫૬ જ્યારે આફ્રિકા મહાદેશમાં ગેબોન ૭૫૨૩ વૃક્ષોની સાથે પહેલા સ્થાને આવે છે.

અત્રે નોંધનીય છે કે ઉપરના રેન્કિંગમાં ૧૦ હજાર સ્કવેયર કિલોમીટરથી ઓછા ક્ષેત્રફળ તેમજ એક લાખ કરતા ઓછી વસ્તીવાળા દેશોને સામેલ કરવામાં આવ્યા નથી. આ દ્રષ્ટિએ કુલ ૧૫૧ દેશોના રેન્કિંગ તૈયાર કરવામાં આવ્યા છે. રેન્કિંગના આંકડા ચિંતા ઉપજાવે છે. કારણ કે વૃક્ષોની સંખ્યા ઘટી જવાના કારણે તેની પ્રતિકુળ અસર જળવાયુ પરિવર્તન પર થઇ શકે છે. સાથે સાથે વૃક્ષો જુદા જુદા વિસ્તારમાં વરસાદ લાવવામાં પણ ભૂમિકા અદા કરે છે.

**૨૦૨૪માં ચોમાસા દરમિયાન વીસ દિવસમાં ૧૨ પુલ પડી ભાંગ્યા હતા,**

# ઇજનેરી કરામત કે ગફલતની પરાકાષ્ઠા?

- **મુંબઈ નજીકના ડોંબિવલીમાં ૨૦૨૫માં પલાવા બ્રિજનું ઉદ્ઘાટન થયું એ પછી તરત જ બંધ કરી દેવાની ફરજ પડી હતી, કેમ કે તેની સપાટી પર તિરાડો પડી ગઈ હતી અને ઉપરની સપાટી ઉખડવા લાગી હતી.**

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં એક કાળે પચાસ ફ્લાયઓવર બન્યા એ પછી શહેરની સિકલ બદલાઈ ગઈ હતી. હાલમાં જ મીરા-ભાયંદરના એક ફ્લાયઓવરને કારણે મોઢું સંતાડવું પડે એવી પરિસ્થિતિ સર્જાઈ છે. ચાર લેનનો આ ફ્લાયઓવર એક જગ્યાએ એકાએક સંકોચાઈને બે લેનનો બની જાય છે. મહારાષ્ટ્રના એન્જિનિયારિંગ ચમત્કાર તરીકે આ પુલને સોશિયલ મીડિયા પર વિરોધી પક્ષોએ સંબોધી રાજ્ય સરકારની ઠેકડી ઉડાડી છે. આ પુલના બાંધકામ માટે જવાબદાર મુંબઈ મેટ્રોપૉલિટન રીજન ડેવલપમેન્ટ ઑથોરિટી (એમએમઆરડીએ)એ સ્પષ્ટતા કરી છે કે આ કોઈ ગફલત નથી, પણ ઇરાદાપૂર્વક આવી ડિઝાઈન બનાવાઈ છે જેથી મીરા-ભાયંદરના સૌથી ગીચ વ્યસ્ત જંક્શનને આસાનીથી ઓળંગી શકાય અને જગ્યાની મર્યાદાને પણ પહોંચી વળાય. દેખીતી રીતે જ આ પુલની તસવીર જોઈ આ સ્પષ્ટીકરણ ગળે ઊતરે એમ નથી. એમાંય ૨૦૨૪માં અંધેરીમાં ગોખલે બ્રિજ અને બરફીવાલા ફ્લાયઓવર વચ્ચેના અલાઇનમેન્ટમાં બે મીટરના અંતરને કારણે વિવાદ સર્જાયો હતો. આથી મીરા-ભાયંદરના આ નવા પુલની ડિઝાઇન ઇરાદાપૂર્વક આવી રખાઈ છે, એ વાત મુંબઈગરાના ગળે ઊતરી રહી નથી. માળખાકીય સુવિધાઓમાં આવી ત્રુટિઓ અને નવા રસ્તા-પુલ પર પડતા ખાડાની સમસ્યા એકલા મુંબઈની નથી, આખા દેશમાં વત્તા-ઓછા અંશે આ સમસ્યા એકસરખી છે.

૨૦૨૪માં ચોમાસા દરમિયાન વીસ દિવસમાં ૧૨ પુલ પડી ભાંગ્યા હતા, તો ગયા વર્ષે કારી કોસી નદીની ઉપર બનાવેલો ૬૦ ફૂટ લાંબો અને દસ ફૂટ પહોળો પુલ મે મહિનાથી લઈને શિયાળા સુધી પાણીની નીચે હતો, તો ભોપાળમાં ૯૦ અંશનો વળાંક ધરાવતો પુલ પણ સમાચારમાં ચમક્યો હતો. આને ઇજનેરોની કમાલ ગણવી કે ભ્રષ્ટાચારની મિસાલ એવી દ્વિધામાં નાગરિકો પડી ગયા હતા. મુંબઈ નજીકના ડોંબિવલીમાં ૨૦૨૫માં પલાવા બ્રિજનું ઉદ્ઘાટન થયું એ પછી તરત જ બંધ કરી દેવાની ફરજ પડી હતી, કેમ કે તેની સપાટી પર તિરાડો પડી ગઈ હતી અને ઉપરની સપાટી ઉખડવા લાગી હતી. આ બધાં ઉદાહરણોમાં એક સવાલ કૉમન છે - સરકાર આ બ્રિજની ચકાસણી નહીં કરતી હોય કે પછી આવી વાતોને ગંભીરતાથી લેવામાં કોઈને રસ નથી? કોઈ અકસ્માત કે દુર્ઘટના પછી નીચેના સ્તરના અધિકારી, કૉન્ટ્રાક્ટર કે જવાબદાર વ્યક્તિનું સસ્પેન્શન કે બરતરફી કરવાથી જાણે કે સમસ્યા ઉકેલાઈ ગઈ છે, એવો સંતોષ લેવામાં આવે છે, પણ કોઈ નક્કર પગલાં કે ભવિષ્યમાં આવી ગફલત ફરી ન થાય એ માટેની તકેદારી કે જડબેસલાક વ્યવસ્થા થતી નથી. લોકોનાં હિતનું રક્ષણ જેમની જવાબદારી છે, એ લોકપ્રતિનિધિઓને તેમની જવાબદારીનું ભાન કરાવવામાં નાગરિકો ઊણા ઊતરે છે. વહીવટી સ્તરે પણ ચાલી રહેલા કામનું નિયમિત અને તટસ્થ વ્યક્તિ દ્વારા મૂલ્યાંકન ફરજિયાત કરાવવાની જોગવાઈ અત્યારના સમયની માગ છે.



# પુરુષ કલાકારો ૬૦ વર્ષે ય રોમેન્ટિક રોલ કરે અને મહિલા કલાકારોની એક્સ્પાયરી ડેટ : મોનાનો બળાપો

## માનો સિંહે ઇન્ડસ્ટ્રીનાં બેવડાં ધોરણોની ટીકા કરી છે

મોના સિંહ ઓટીટી પર એક પછી એક સફળ રોલ કરી રહી છે, ટૂંક સમયમાં તે કોહરાની બીજી સીઝનમાં એક પોલિસ ઓફિસરના રોલમાં જોવા મળશે. જેમાં તે અંગત સમસ્યાઓ સાથે એક મહિલાની હત્યાના કેસની તપાસ કરતી જોવા મળશે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં મોનાએ ઈન્ડસ્ટ્રીમાં મહિલા અને પુરુષ કલાકારો માટેના બેવડાં ધોરણો અંગે વાત કરી હતી.

પીટીઆઈ સાથે કરેલી વાતચીતમાં મોનાએ ૪૦ વર્ષની ઉંમરમાં પણ ૫૦ કે ૬૦ વર્ષની ઉંમરના પાત્રો ભજવવા વિશે વાત કરી હતી. મોનાએ જણાવ્યું, "મેં મારી ઓનસ્ક્રીન ઉંમર વિશે ક્યારેય ચિંતા કરી નથી. મેં એ વિશે ક્યારેય નથી વિચાર્યું કારણ કે મને મારામાં આત્મવિશ્વાસ છે અને હું જાણું છું કે હું કોણ છું. હું કોઈની સામે કંઈ જ સાબિત કરવા માગતી નથી તેથી હું જોખમ લીધાં કરું છું. લોકો મને ઘણી વખત પુછે છે, "તું સ્ક્રીન પર આટલી ઘરડી કેમ દેખાય છે?" હું કહું છું, શું ફેર પડે છે. એ માત્ર એક પાત્ર છે અને એમાં મને મજા આવે છે."

મોનાએ ઈન્ડસ્ટ્રીમાં સ્ત્રીઓ અને પુરુષોની ઉંમર સાથે અલગ વર્તન વ્યવહાર વિશે પણ વાત કરી હતી. તેણે જણાવ્યું, "ઈન્ડસ્ટ્રીમાં માત્ર મહિલાઓ જ એક્સ્પાયરી ડેટ્સ સાથે આવે છે અને એ ઘણી દુ:ખની વાત છે. જ્યારે પુરુષ કલાકારો તો ૬૦એ પહોંચીને પણ રોમેન્ટિક રોલ કરતા જોવા મળે છે, પણ મહિલાઓને એવું કામ નથી મળતું. પરંતુ મારે એવું કશું બનવું નથી, તેથી મને તેની કોઈ પરવા નથી."

# 'સિરિયલ કિસર' ટેગમાંથી મેં બધો જ રસ-કસ ખેંચી લીધો હતો : ઇમરાન હાશ્મી



મર્ડર ફિલ્મથી શરૂઆત કરીને હવે અર્થસભર રોલ સાથે પોતાની અલગ ઈમેજ ઉભી કરવાની પોતાની સફરમાં ઈમરાન હાશ્મી પોતાની છબિ બદલવા વિશે, દર્શકોના બદલાતા સ્વભાવ અને કારકિર્દીના આગામી તબક્કા વિશે ઈમરાન હાશ્મીએ તાજેતરના ઈન્ટરવ્યુમાં વાત કરી હતી.

કારકિર્દીની શરૂઆતમાં જ 'સિરિયલ કિસર' તરીકે જાણીતા થયેલા ઈમરાન હાશ્મીએ તાજેતરમાં ખુલીને વાત કરી છે કે આ ટેગે તેની બોલિવૂડની સફરને કેવી રીતે આકાર આપ્યો—અને સમય જતાં કેવી રીતે તેને એક ઈમેજમાં બાંધી પણ દીધો હતો. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં ઈમરાને કહ્યું કે તેની સિરિયલ કિસરની ઈમેજ કઈ રીતે બની, આ ઈમેજ તેણે કમર્શીયલ સફળતા માટેને સ્વીકારી અને શા માટે તેણે તેમાંથી બહાર આવવાનો નિર્ણય લીધો.

આ ટેગની શરુઆત તેની શરૂઆતની ફિલ્મોમાંની એક મર્ડર (૨૦૦૪)થી થઈ હતી, જેમાં તેની સાથે મલ્લિકા શેરાવત લીડ રોલમાં હતી. ઈમરાને સ્વીકાર્યું કે આ ઈમેજ અચાનક ઉભી થઈ નહોતી, પરંતુ તે સમયે આ બાબતને ઈરાદાપૂર્વક વધારે ચમકાવવામાં આવી હતી. તેણે કહ્યું, "એ ફિલ્મો બોક્સ ઓફિસ પર સફળ રહી હતી અને હું પણ તે ઈમેજનો લાભ લઈ રહ્યો હતો. માર્કેટિંગ દ્વારા અમે જ તેને વધુ પ્રોત્સાહન આપી રહ્યા હતા. પ્રેસની પણ તેમાં મહત્વની ભૂમિકા હતી."

પરંતુ લગભગ એક દાયકા સુધી એક જ પ્રકારના રોલ કરવાને કારણે તેને પોતાની એક નવી ઈમેજ ઉભી કરવાની જરૂર જણાઈ. દર્શકોના વર્તન અને બદલાતા સમય સાથે તેમની પસંદગીઓમાં થતા ફેરફારો અંગે વિચાર વ્યક્ત કરતા ઈમરાન હાશ્મીએ જણાવ્યું, "દસેક વર્ષ સુધી આવું કર્યા પછી મને સમજાયું કે દર્શકો બદલાય છે. કહેવાય છે કે દર ૧૦થી ૧૪ વર્ષે એક બદલાવ આવે છે. નવી પેઢી થિયેટરોમાં આવે છે. એ નવા દર્શકવર્ગ માટે પોતાને ફરીથી તૈયાર કરવું ખૂબ જરૂરી છે. દરેક પાત્ર, દરેક માળખું, એક સમયે તમને અભખે પડી જાય છે, કારણ કે તેમે તેને નીચોવીને તેનાં રસ-કસ કાઢી લીધાં હોય છે. મને લાગ્યું કે હું એ ઈમેજને પૂરેપૂરી નીચોવી ચૂક્યો છું. એટલે મારા માટે બદલાવ લાવવો અત્યંત જરૂરી હતો."

કેરિઅરમાં આગળ વધી ગયા હોવા છતાં, હાશ્મીએ સ્વીકાર્યું કે આ ઈમેજ તેનો પીછો છોડતી નથી. તેણે કહ્યું, "જ્યારે તમારી એવી મજબૂત ઈમેજ બની જાય છે, ખાસ કરીને ભારત જેવા સંકુચિત સમાજમાં, ત્યારે લોકો આ ઈમેજને જલદી છોડતા નથી. હજુ પણ મને લોકો આ પ્રકારના સીન વિશે પ્રશ્ન કરે છે. પણ આ ભારત છે—અહીં લોકો હજુ પણ તેમાં જ અટકેલાં છે."

ટાઈપકાસ્ટિંગમાંથી બહાર આવવા માટે શું જરૂરી છે તે અંગે બોલતાં ઈમરાન હાશ્મીએ જોખમ લેવાની અને વૈવિધ્યસભર કામ કરવાના મહત્વ પર ભાર મૂક્યો. તેણે કહ્યું, "તમારે આગળ વધી ને કંઈક અલગ કરવાનો પ્રયાસ કરવો પડે—તમારી વર્સેટિલિટી બતાવવા માટે. તમે જે કામ કરો તેમાં સાહસિક બનવું જરૂરી છે."

તાજેતરના વર્ષોમાં ઈમરાન હાશ્મીએ પોતાની પહેલાની ઈમેજથી સંપૂર્ણપણે અલગ ભૂમિકાઓ પસંદ કરી છે. તેનો તાજેતરની સિરીઝ તસ્કરી નેટફ્લિક્સ પર રિલીઝ થઈ છે, જ્યારે તેની છેલ્લી થિયેટ્રિકલ ફિલ્મ હકને સમીક્ષકો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

# લાગણીઓ બોલવા કરતાં અનુભવાય તે વધુ જરૂરી છે : અદિતિ રાવ હૈદ્રી

## અદિતિની વિજય સેતુપતિ અને અરવિંદ સ્વામી સાથે સાયલન્ટ ફિલ્મ આવી રહી છે

લાંબા સમય પછી ઈન્ડિયન સિનેમામાં એક અલગ પ્રયોગ થવા જઈ રહ્યો છે, અદિતિ રાવ હૈદ્રી, વિજય સેતુપતિ અને અરવિંદ સ્વામીની એક સાયલન્ટ ફિલ્મ 'ગાંધી ટોક્સ' આવી રહી છે. અદિતિની કેરિઅરની આ એક મહત્વની ફિલ્મ છે. તેણે પોતાની કેરિઅરમાં મણિ રત્નમ અને સંજય લીલા ભણસાલી જેવા ખુબ સર્જનાત્મક ડિરેક્ટર્સ સાથે કામ કર્યું છે, જેમની ફિલ્મ અને ફિલ્મ બનાવવાની શૈલી બધું જ અલગ છે. આ દરેક રોલમાં તેણે પોતાના અભિનયથી દર્શકોને પ્રભાવિત કર્યા છે.

ત્યારે એક સાયલન્ટ ફિલ્મમાં કામ કરવાના અને ખાસ તો વિજય સેતુપતિ અને અરવિંદ સ્વામી દેવા કલાકારો સાથે કામ કરવાના પોતાના અનુભવ વિશે તાજેતરમાં જ અદિતિએ એક ઈન્ટરવ્યુમાં વાત કરી છે. અદિતિએ કહ્યું, "મને આ ફિલ્મની જે બાબત સૌથી વધુ ગમી છે, તે એ કે- લાગણીઓ બોલવા કરતાં અનુભવાય તે વધુ જરૂરી છે. આ ફિલ્મ નબળાઈ અને મૌન બંનેને સુંદર રીતે એકસાથે રજુ કરે છે." જ્યારે વિજય સેતુપતિએ આ ફિલ્મ વિશે કહ્યું, "મને આ ફિલ્મે શબ્દોવિના લાગણીઓ પ્રસ્તુત કરવાનો પડકાર આપ્યો હતો. આ એક એવી અલભ્ય ફિલ્મ છે, જેમાં મૌન જ સૌથી મજબુત ડાયલોગ છે."

જ્યારે આ ફિલ્મ વિશે વાત કરતા અરવિંદ સ્વામીએ કહ્યું, "ઘોંઘાટથી ચાલતી દુનિયામાં ગાંધી ટોક્સ આપણને યાદ અપાવે છે કે મૌન હજુ પણ અંતરાત્માને હચમચાવી શકે છે. આ એક એવી ફિલ્મ છે, જેમાં શબ્દો એકબાજુએ રહી જાય છે અને સત્ય શાંતિથી પ્રવેશ કરે છે. રહેમાનનું લાગણીશીલ સંગીત આ ફિલ્મની ભાષા બન્યું છે."

આ ફિલ્મના ટ્રેલરમાં અદિતી વિજય સેતુપતિ સાથે જોવા મળે છે અને તેમની ઓનસ્ક્રીન કેમેસ્ટ્રી દર્શકોને પસંદ આવી રહી છે. રહેમાનના સંગીતે આ ફિલ્મમાં ઉડાણ ઉમેર્યું છે. આ ફિલ્મ પાંડુરંગ બેલેકરે ડિરેક્ટ કરી છે જે એક નીડર અને બેબાક પ્રયોગ છે. આ ફિલ્મ ૩૦ જાન્યુઆરીએ થિએટરમાં રિલીઝ થઈ રહી છે.

# દીપિકા પાદુકોણ મારી લકી ચાર્મ છે, તે બિલકુલ અલગ રૂપમાં જોવા મળશે

અટલીની આગામી તેલુગુ સાયન્સ ફિક્શન ફિલ્મમાં અલુ અર્જુન સાથે દીપિકા પાદુકોણ પહેલીવાર મોટા પડદા પર જોવા મળશે. ત્યારે ફિલ્મમેકર એટલીએ ફરી એકવાર દીપિકા પાદુકોણ પ્રત્યે પોતાનો આદર વ્યક્ત કર્યો છે. અલુ અર્જુન સાથેની તેની મહાત્વાકાંક્ષી તેલુગુ પેન-ઈન્ડિયા ફિલ્મ છછર૨ટછ૬માં દીપિકા જોડાઈ હોવાનું જાહેર થયા બાદ એટલીએ જણાવ્યું કે દીપિકા પાદુકોણ તેના માટે "લકી ચાર્મ" સમાન છે. અગાઉ અટલીએ દીપિકા અને શાહરુખ સાથે જવાન ફિલ્મમાં કામ કર્યું હતું. આ ફિલ્મની સફળતા બાદ ફરી દીપિકા સાથે કામ કરતા અટલીએ સંકેત આપ્યો કે દર્શકોને આ ફિલ્મમાં દીપિકાનું એકદમ નવું અને આશ્ચર્યજનક રૂપ જોવા મળશેતાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં અટલીએ જવાન બાદ બીજી વાર દીપિકા સાથે કામ કરવા વિશે ખુલીને વાત કરી અને માતા બન્યાં પછી દીપિકાએ તેની ફિલ્મ સાથે કમબેક કરવાનો નિર્ણય લીધો તે અંગે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો. અટલીએ કહ્યું, "હા, દીપિકા મારી લકી ચાર્મ છે. દીપિકા સાથે આ મારી બીજી ફિલ્મ છે અને તે અદભુત છે, અવિશ્વસનીય છે."

અટલીએ જણાવ્યું કે આ ફિલ્મમાં દીપિકાનું "સંપૂર્ણપણે અલગ સ્વરૂપ" જોવા મળશે, જે માતા બન્યાં બાદ તેની સિલ્વર સ્ક્રીન પરની વાપસીને કારણે ખાસ હશે.છછર૨ટછ૬ દીપિકા પાદુકોણ અને અલુ અર્જુન પહેલી વખત ઓન-સ્ક્રીન જોડી જમાવતા જોવા મળશે. ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી જ તેને લઈને ભારે ચર્ચા ચાલી રહી છે. અટલીએ આ પ્રોજેક્ટને પોતાની કારકિર્દીની સૌથી મોટી ફિલ્મ ગણાવી છે અને જણાવ્યું છે કે હાલ તેની ટીમ તેની કલ્પનાને સાકાર કરવા દિવસ-રાત મહેનત કરી રહી છે. તેણે કહ્યું, "દરરોજ અમે કંઈક નવું શોધી રહ્યા છીએ. લોકો ફિલ્મ વિશે સાંભળવા ઉત્સુક છે, એ મને ખબર છે અને સાચું કહું તો, દર્શકો કરતાં વધારે હું પોતે બધું જણાવવા આતુર છું. અમે ઊંઘ્યા વગરની રાતો પસાર કરી રહ્યા છીએ. આ કોઈ બહાનું નથી, પણ અમે પણ એટલાં જ ઉત્સાહિત છીએ. અમે સૌ માટે કંઈક બહુ મોટું બનાવવા જઈ રહ્યા છીએ. અમારી વાતનો વિશ્વાસ કરો, અણે એક એવી ફિલ્મ બનાવવાની કોશિશ કરી રહ્યાં છીએ, જે જોઈ દરેક વ્યક્તિને મજા આવશે."આ વર્ષની શરૂઆતમાં નિર્માતાઓએ ઓફિશિયલી દીપિકાનું આ ફિલ્મમાં સ્વાગત કર્યું હતું. અટલી સાથેની તેની વાતચીતનો એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો, જેમાં તેનાં એક્શનથી ભરપૂર પાત્રની ઝલક પણ આપવામાં આવી હતી. નિર્માતાઓએ વીડિયો પોસ્ટ કરતા લખ્યું હતું, "ધ ક્વીન માર્ચીસ ટુ કોંકર! વેલકમ ઓનબોર્ડ"(રાણી જીતવા માટે કૂચ કરશે!

# ૨૬ જૂને વેલકમ ટુ ધ જંગલ-૩ જુલાઈએ ધમાલ ૪ રિલીઝ : ઓડિયન્સ માટે કોમેડીનો ડબલ ડોઝ

## ધુરંધર ૨ અને ટોક્સિક સાથે ટક્કર ટાળવા અજય દેવગણ– રિતેશ દેશમુખની ધમાલ ૪ નવી રિલીઝ ડેટ જાહેર

અજય દેવગણ, રિતેશ દેશમુખ અને અર્શદ વારસી અભિનિત કોમેડી ફિલ્મ ધમાલ ૪ની રિલીઝ ડેટ ફરી એકવાર બદલાઈ છે. નિર્માતાઓએ ફિલ્મને ધુરંધર ૨ અને યશની ટોક્સિક સાથે બોક્સ ઓફિસ ટક્કર ટાળવાના હેતુથી આ નિર્ણય લીધો છે. હવે ધમાલ ૪ ફિલ્મ ૧૯ માર્ચના બદલે ૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ થિએટર્સમાં રિલીઝ થશે. ૨૭ તારીખે ફિલ્મના મેકર્સ દ્વારા નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે.

મંગળવારે ફિલ્મના નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર નવી પોસ્ટ શેર કરી અને રિલીઝ ડેટમાં થયેલા ફેરફારની જાહેરાત કરી. પોસ્ટ સાથે કેટલીક તસવીરો પણ મૂકવામાં આવી હતી, જેમાં લખ્યું હતું: "જ્યારે અફરાતફરી કોમેડી એકબીજાને મળે, ત્યારે સમજવું કે ધમાલનો સમય આવી ગયો છે! નિર્માતાઓએ અલ્ટિમેટ ફેમિલી એન્ટરટેનરને ૩ જુલાઈ, ૨૦૨૬ના દિવસે થિએટર્સમાં રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે."

આ તસવીરોમાં ફિલ્મના મુખ્ય કલાકારો અજય દેવગણ, રિતેશ દેશમુખ, અર્શદ વારસી, સંજય મિશ્રા અને જાવેદ જાફરી સાથે દિગ્દર્શક ઈન્દ્ર કુમાર પણ જોવા મળે છે. આ ઉપરાંત ધમાલ ૪માં ઈશા ગુપ્તા, સંજીદા શેખ, અંજલિ આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પાટકર અને રવિ કિશન પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મ દેવગણ ફિલ્મ્સ, ટી-સીરીઝ ફિલ્મ્સ, મારુતિ ઈન્ટરનેશનલ અને પેનોરમા સ્ટુડિયોના બેનર હેઠળ બની રહી છે. આ ફિલ્મ ગુલશન કુમાર અને ટી-સીરીઝ ફિલ્મ્સના સહયોગથી તૈયાર થઈ રહી છે.

આ સાથે જ વેલકમ ટુ ધ જંગલની રિલીઝ ડેટ પણ જાહેર કરી દેવાઈ છે. અક્ષય કુમાર, સુનિલ શેટ્ટી અને રવિના ટંડનની ફિલ્મ ૨૬ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. ઘણા વિલંબ બાદ, અહેમદ ખાને ડિરેક્ટ કરેલી આ મલ્ટી-સ્ટારર ફિલ્મ વેલકમ ટુ ધ જંગલને આખરે રિલીઝ ડેટ મળી ગઈ છે. ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શના જણાવ્યા અનુસાર, આ ફિલ્મ ૨૬ જૂન, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

સૌથી લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝીઓમાંની એક તરીકે ઓળખાતી આ ફિલ્મ અંગે દર્શકો લાંબા સમયથી ઉત્સુક છે. ટ્વિટર પર પોસ્ટ કરતાં તરણ આદર્શે લખ્યું હતું, "સૌથી મોટી કોમેડી ફ્રેન્ચાઈઝી ફરી આવી રહી છે – 'વેલકમ ટુ ધ જંગલ' ૨૬ જૂન ૨૦૨૬ના રોજ રિલીઝ થશેપ વેલકમ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ, ૨૬ જૂન ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં આવી રહી છે."

વેલકમ ટુ ધ જંગલમાં અક્ષય કુમાર, સુનિલ શેટ્ટી, જેકી શ્રોફ, રવિના ટંડન, દિશા પટાણી, જેક્લિન ફર્નાન્ડિઝ, અર્શદ વારસી, પરેશ રાવલ, રાજપાલ યાદવ, જોની લિવર, આફતાબ શિવદાસાની, લારા દત્તા, શ્રેયસ તલપદે, તુષાર કપૂર અને દલેર મહેંદી જેવા દમદાર કલાકારોની મોટી ટીમ જોવા મળશે.

એક ઈન્ટરવ્યુમાં ફિલ્મના ડિરેક્ટર અહેમદ ખાને જણાવ્યું કે આ ફિલ્મ ડાર્ક સિટ્યુએશનલ કોમેડી છે, "આ સીધી સાદી કોમેડી નથી. પ્રોડ્યુસર હંમેશાં કહે છે કે આપણે કોમેડી ફિલ્મ નથી બનાવવી. ફિરોઝ નડિયાદવાલાને ડાર્ક હ્યુમર અને સિટ્યુએશનલ હ્યુમરમાં વિશ્વાસ છે. આ ગંભીર સિનેમા છે, સ્લેપસ્ટિક કે સામાન્ય કોમેડી નહીં."

અહમદ ખાને વધુમાં ઉમેર્યું કે, "જો દર્શકો અવાજ બંધ કરીને ફિલ્મ જુએ તો તેમને આ ફિલ્મ એક ગંભીર ફિલ્મ જેવી લાગશે. પણ અવાજ ચાલુ કરતાં જ સમજાશે કે તમે મૂર્ખતાભરેલી વાતો સાંભળી રહ્યા છો. ફિલ્મમાં ભરપૂર એક્શન છે અને તેનો સ્કેલ પણ બહુ મોટો છે." ફિલ્મમાં થયેલા અનેક ડિલે અંગે પણ અહેમદ ખાને કારણ સમજાવ્યું હતું. તેના જણાવ્યા અનુસાર, "જૂન ૨૦૨૫માં કાશ્મીરમાં શૂટિંગ ન થઈ શકવાના કારણે વિલંબ થયો હતો. કાશ્મીર જેવું લાગતું નવું લોકેશન શોધવું મુશ્કેલ હતું અને સાથે ૩૬ કલાકારોના શેડ્યૂલ્સ એકસાથે ગોઠવવા પણ મોટો પડકાર રહ્યો."

આમ આ બે મોટી કોમેડી ફિલ્મ એક પછી એક વેકેશન સમયમાં રિલીઝ થઈ રહી છે, તેથી દર્શકો માટે પણ આ ડબલ બોનાન્ઝા ઓફર જેવું બની રહેશે.

# શું શિવમ દુબે પહેલા કરતાં વધુ સ્માર્ટ ક્રિકેટર બની ગયો!

## શાનદાર ઇનિંગનો શ્રેય સુધરેલી માનસિકતાને આપ્યો

ભારતીય ઓલરાઉન્ડર શિવમ દુબેએ વિશાખાપટ્ટનમમાં ન્યુઝીલેન્ડ સામે ૨૩ બોલમાં ૬૫ રનની ધમાકેદાર ઇનિંગ રમીને ઝડપી બોલિંગ સામે વધુ આરામદાયક બનવાનું એક શાનદાર ઉદાહરણ દર્શાવ્યું અને તેને વધુ સમજદાર ક્રિકેટર બનાવવા માટે તેની સુધારેલી 'માનસિકતા'ને શ્રેય આપ્યો.

લેગ-સ્પિનર ઇશ સોઢીની એક ઓવરમાં દુબેના ૨૯ રન નિઃશંકપણે સૌથી વધુ ધ્યાન ખેંચતા હતા, પરંતુ ઝડપી બોલરો જેકબ ડફી અને મેટ હેનરી પર ફટકારેલા ત્રણ છગ્ગા પણ એટલા જ મહત્વપૂર્ણ હતા. આ સ્પષ્ટ સંકેત હતો કે તે હવે ફક્ત સ્પિનરોને જ લક્ષ્ય બનાવતો નથી પણ ઝડપી બોલરો પર મોટા શોટ પણ મારી શકે છે. તેમણે કહ્યું કે ટોચના સ્તરે તેમના સતત પ્રદર્શનથી તેમને આ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં મદદ મળી.

"આ બધું મારી મહેનતનું પરિણામ છે. આવી સ્થિતિમાં સતત મેચ રમવાથી અને બેટિંગ કરવાથી મારી માનસિકતા સુધરી રહી છે. તેથી, હું સમજવા લાગ્યો છું કે આગળ શું થવાનું છે અને બોલરો મને બોલિંગ કરતી વખતે શું વિચારી રહ્યા છે,'' દુબેએ ચોથી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ન્યૂઝીલેન્ડ સામે ૫૦ રનથી મળેલી હાર બાદ પત્રકારોને જણાવ્યું.

દુબેએ આ શ્રેણીમાં નિયમિતપણે બોલિંગ કરી છે, પરંતુ આ મેચમાં તેને બોલ આપવામાં આવ્યો ન હતો કારણ કે ભારતે પાંચ ફ્રન્ટલાઈન બોલરોને ફિલ્ડિંગ કરી હતી, અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને પણ બોલિંગ કરવાની તક મળી ન હતી. "આ મારી બેટિંગ અને બોલિંગ બંનેની ચાવી છે.

હું ગૌતી ભાઈ (ગૌતમ ગંભીર) અને સૂર્ય ભાઈ (સૂર્યકુમાર યાદવ) ને કારણે બોલિંગ કરી શકું છું. તેમણે મને બોલિંગ કરવાની તક આપી છે. તેથી, જ્યારે તમે બોલિંગ કરો છો, ત્યારે તમે થોડા સ્માર્ટ બનો છો. હું તેના પર પણ કામ કરી રહ્યો છું અને થોડી વધુ કુશળતા વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યો છું,'' દુબેએ કહ્યું.

# ગ્રેસ-મંધાનાની શાનદાર ભાગીદારીને કારણે આરસીબી એ યુપી વોરિયર્સને હરાવી ફાઇનલમાં પ્રવેશ્યુ

## ગ્રેસ હેરિસ અને સ્મૃતિ મંધાનાએ આરસીબીને મજબૂત શરૂઆત અપાવી

સ્મૃતિ મંધાના અને ગ્રેસ હેરિસ વચ્ચે શાનદાર ભાગીદારીના કારણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરએ UP વોરિયર્સને આઠ વિકેટથી હરાવ્યું. આ જીત સાથે, RCB એ મહિલા પ્રીમિયર લીગના ટાઇટલ મેચમાં પ્રવેશ કર્યો છે, જ્યારે UP ની સફર લગભગ પૂરી થઈ ગઈ છે.

જોકે, UP ને ગ્રુપ સ્ટેજમાં એક મેચ બાકી છે. UP એ દીપ્તિ શર્માની અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૪૩ રન બનાવ્યા. જવાબમાં, RCB એ ૪૧ બોલ બાકી રહેતા બે વિકેટે ૧૪૭ રન બનાવીને મેચ જીતી લીધી.

ગ્રેસ હેરિસ અને સ્મૃતિ મંધાનાએ આરસીબીને મજબૂત શરૂઆત અપાવી અને પ્રથમ વિકેટ માટે સદીની ભાગીદારી પૂર્ણ કરી. આ બંને બેટ્સમેનોએ યુપી વોરિયર્સના બોલરોને મુશ્કેલીમાં મુક્યા. આ દરમિયાન હેરિસે પણ પોતાની અડધી સદી પૂર્ણ કરી અને ઝડપથી સદી તરફ આગળ વધી રહી હતી.

જોકે, શિખા પાંડેએ હેરિસને આઉટ કરીને આ ભાગીદારી તોડી. હેરિસ ૩૭ બોલમાં ૧૩ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૭૫ રન બનાવીને આઉટ થયો હતો. હેરિસ અને મંધાનાએ પ્રથમ વિકેટ માટે ૧૦૮ રન ઉમેર્યા હતા.હેરિસના આઉટ થયા પછી, મંધાનાએ બાજી સંભાળી અને ઝડપથી રન બનાવ્યા. મંધાનાએ પણ પોતાની અડધી સદી પૂર્ણ કરી, પરંતુ આરસીબી જીત નોંધાવે તે પહેલાં, તેમણે જ્યોર્જિયા વોલની વિકેટ ગુમાવી દીધી, જે ૧૫ બોલમાં બે ચોગ્ગાની મદદથી ૧૬ રન બનાવીને આઉટ થઈ ગઈ હતી.મંધાના ૨૭ બોલમાં આઠ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૫૪ રન બનાવીને અણનમ રહી. યુપી તરફથી શિખા પાંડે અને આશા શોભાનાને એક-એક વિકેટ મળી.

### જોસ બટલરે રચ્યો ઇતિહાસ

# ૪૦૦ મેચ સાથે એન્ડરસનની ખાસ ક્લબમાં સામેલ થઇ ગયા !

## જોસ બટલરે શ્રીલંકા સામે રમતાં ઇંગ્લેન્ડ માટે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર ખેલાડીઓની યાદીમાં જેમ્સ એન્ડરસન બાદ બીજું સ્થાન હાંસલ કર્યું

કોલંબો : ૩૫ વર્ષનાં જોસ બટલરે શ્રીલંકા સામે મેદાનમાં ઉતરતાં જ ઇતિહાસ રચી દીધો. હવે તેઓ ઇંગ્લેન્ડ માટે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર ખેલાડીઓની યાદીમાં મહાન ઝડપી બોલર જેમ્સ એન્ડરસનની પાછળ પહોંચી ગયાં છે. એન્ડરસન ૪૦૧ મેચ સાથે આ યાદીમાં ટોચ પર છે, જ્યારે બટલર હવે માત્ર એક પગલું દૂર છે.જોસ બટલરે પોતાને પોતાની પેઢીના સૌથી પ્રભાવશાળી વ્હાઇટ બોલ ખેલાડી તરીકે સ્થાપિત કર્યો છે. તેમના નામે તમામ ફોર્મેટમાં કુલ ૧૨,૨૯૧ આંતરરાષ્ટ્રીય રન નોંધાયેલાં છે, જેમાં ૧૪ શાનદાર સદીનો સમાવેશ થાય છે.ટેસ્ટ ક્રિકેટમાં તેમણે ૫૭ મેચમાં ૨,૯૦૭ રન બનાવ્યાં છે, જેમાં બે સદી અને ૧૮ અર્ધસદી સામેલ છે. વનડે ક્રિકેટમાં તેમનો રેકોર્ડ વધુ શાનદાર છે, જ્યાં ૧૯૮ મેચમાં તેમણે ૩૯.૧૧ની સરેરાશથી ૫,૫૧૫ રન બનાવ્યાં છે.ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ બટલરનો સૌથી મજબૂત પાસું રહ્યું છે. તેમણે ૧૪૪ ટી૨૦ મેચમાં ૩,૮૬૯ રન બનાવ્યાં છે, જેમાં એક સદી અને ૨૮ અર્ધસદી નોંધાયેલી છે. પોતાની આક્રમક બેટિંગ અને વિકેટકીપિંગના કારણે તેમણે ઇંગ્લેન્ડને અનેક યાદગાર જીત અપાવી છે. બે વખતના આઈસીસી વ્હાઇટ બોલ ખિતાબ વિજેતા બટલરની હાજરી મેદાન પર વિરોધી બોલરો માટે હંમેશા માથાનો દુખાવો બની રહે છે.જોસ બટલર હવે ભારત અને શ્રીલંકામાં ૭ ફેબ્રુઆરીથી શરૂ થનારાં આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભાગ લેવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. જોકે, આ વખતે ઇંગ્લેન્ડની કમાન યુવા ખેલાડી હેરી બ્રુકના હાથમાં રહેશે.ઇંગ્લેન્ડ પોતાના અભિયાનની શરૂઆત ૮ ફેબ્રુઆરીએ નેપાળ સામે કરશે, જ્યાં અનુભવી બટલર પાસેથી એકવાર ફરી મધ્યક્રમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# પીટી ઉષાના પતિ વી શ્રીનિવાસનનું અચાનક નિધન:૬૭ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

## PM મોદીએ ફોન કરીને દુખ વ્યક્ત કર્યું



ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના અધ્યક્ષ અને રાજ્યસભાના સભ્ય પીટી ઉષાના પતિ વી શ્રીનિવાસનનું અચાનક નિધન થયું છે. પરિવારના સૂત્રોના જણાવ્યા અનુસાર, વી. શ્રીનિવાસનનું ૩૦ જાન્યુઆરીની સવારે નિધન થયું હતું. તેઓ ૬૭ વર્ષના હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે શ્રીનિવાસન શુક્રવારે સવારે તેમના નિવાસસ્થાને બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, પરંતુ તેમને બચાવી શકાયા નહીં. આ દુઃખના સમયમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીટી ઉષા સાથે ફોન પર વાત કરીને દુખ વ્યક્ત કર્યું છે.

કેન્દ્ર સરકારના ભૂતપૂર્વ કર્મચારી શ્રીનિવાસને હંમેશા ઉષાને તેમની શાનદાર રમતગમત અને રાજકીય કારકિર્દી દરમિયાન ટેકો આપ્યો હતો. તેમને ઉષાનો સૌથી મજબૂત ટેકો અને તેમની ઘણી સિદ્ધિઓ પાછળનું પ્રેરક બળ માનવામાં આવતું હતું. આ કપલને ઉજ્જવલ નામનો એક પુત્ર છે.શ્રીનિવાસનના અચાનક નિધનથી દેશભરના રમતગમત અને રાજકીય વર્તુળોમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. ઘટના સમયે, ઉષા ચાલુ સંસદ સત્રમાં હાજરી આપવા માટે નવી દિલ્હીમાં હતી. તે પોતાના વતન પરત ફરી રહી છે અને ટૂંક સમયમાં પહોંચશે.

### મુંબઈની હવા પણ પ્રદુષિત ?

# પ્રદૂષણને કારણે દિલ્હી સામેની મેચમાં મુંબઈના ખેલાડીઓને માસ્ક પહેરીને રમ્યા

## મુંબઈના ત્રણેય ખેલાડીઓએ ફિલ્ડિંગ કરતી વખતે માસ્ક પહેર્યા

દિલ્હી અને મુંબઈ વચ્ચે રણજી ટ્રોફી એલીટ ગ્રુપ ડી મેચ મુંબઈના બીકેસી સ્ટેડિયમમાં રમાઈ રહી છે. પ્રદૂષણને કારણે મુંબઈના ખેલાડીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે તેઓએ ફેસ માસ્ક પહેર્યા હતા.

એમસીએ-બીકેસી ગ્રાઉન્ડમાં ત્રીજા સત્ર દરમિયાન ભારતીય અને મુંબઈના બેટ્સમેન સરફરાઝ ખાન, તેનો નાનો ભાઈ મુશીર ખાન અને સ્પિનર હિમાંશુ સિંહ માસ્ક પહેરેલા જોવા મળ્યા હતા.

ગુરુવારે હવા ગુણવત્તા સૂચકાંક (AQI) ૧૬૦ ની આસપાસ હતો. શહેરમાં પ્રદૂષણનું સ્તર ઊંચું હોવા છતાં, ખેલાડીઓ રમતી વખતે માસ્ક પહેરે તે સામાન્ય નથી. MCA-BKC ગ્રાઉન્ડની બાજુમાં એક બાંધકામ સ્થળના કારણે આજે બપોરે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ. લગભગ અડધા કલાક સુધી, મુંબઈના ત્રણેય ખેલાડીઓએ ફિલ્ડિંગ કરતી વખતે માસ્ક પહેર્યા હતા પરંતુ બાદમાં તેમને કાઢી નાખ્યા.

ખેલાડીઓ દ્વારા માસ્ક પહેરવા અંગે પૂછવામાં આવતા, મુંબઈના ફાસ્ટ બોલર મોહિત અવસ્થીએ કહ્યું, "અહીં એક નવી ઇમારતનું નિર્માણ ચાલી રહ્યું છે. ખેલાડીઓને પ્રદૂષણનો અનુભવ થયો અને તેમને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી, તેથી તેઓએ માસ્ક પહેર્યા હતા.''

## ઇન્સ્ટાગ્રામ પર ૨૭૪ મિલિયનથી વધુ ફોલોઅર્સ છે



# મોડી રાતે ઇન્સ્ટાગ્રામ પરથી ગાયબ થયું વિરાટ કોહલીનું એકાઉન્ટ

## સર્ચ કરવા પર પ્રોફાઇલ દેખાતી નથી; કમેન્ટ્સમાં લોકોએ અનુષ્કાને સવાલો કર્યા, સવારે ફરી એક્ટિવ થયું

પૂર્વ ભારતીય કેપ્ટન વિરાટ કોહલીનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ ગુરુવારે મોડી રાત્રે અચાનક બંધ થઈ ગયું હતું. સર્ચ કરવા પર ન તો તેમની પ્રોફાઇલ દેખાઈ રહી છે અને ન તો ડાયરેક્ટ લિંક દ્વારા એકાઉન્ટ ખુલી રહ્યું હતું. જોકે, શુક્રવારે સવારથી તેમની પ્રોફાઇલ ફરી એક્ટિવ થઈ ગઈ છે.

ગુરુવારે મોડીરાતે દુનિયાના સૌથી વધુ ફોલો કરવામાં આવતા ક્રિકેટર કોહલીના એકાઉન્ટને ખોલવાની કોશિશ કરવા પર ઇન્સ્ટાગ્રામ તરફથી સામાન્ય મેસેજ 'આ પેજ ઉપલબ્ધ નથી' જ દેખાઈ રહ્યો હતો. તેમના ઇન્સ્ટાગ્રામ પર ૨૭૪ મિલિયનથી વધુ ફોલોઅર્સ છે.જોકે, આ મામલે ન તો વિરાટ કોહલી, ન તેમની મેનેજમેન્ટ ટીમ અને ન તો ઇન્સ્ટાગ્રામ તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી હતી. એવામાં એ સ્પષ્ટ થઈ શક્યું નથી કે એકાઉન્ટને જાણી જોઈને ડીએક્ટિવેટ કરવામાં આવ્યું કે પછી આ કોઈ ટેકનિકલ ખામીનું પરિણામ હતું.છેલ્લા કેટલાક દિવસોમાં કોહલીની સોશિયલ મીડિયા ગતિવિધિઓ પણ મર્યાદિત રહી છે અને તેમણે પહેલા ઘણી પ્રમોશનલ પોસ્ટ હટાવીને ક્રિકેટ અને પરિવારને પ્રાથમિકતા આપવાના સંકેત આપ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ મુજબ વિરાટ કોહલી એક પ્રમોશનલ ઇન્સ્ટાગ્રામ પોસ્ટ માટે આશરે ૧૨ થી ૧૪ કરોડ રૂપિયા સુધી ચાર્જ કરે છે.અનુષ્કા શર્માએ થોડા દિવસ પહેલા વિરાટ અને પોતાનો એક વીડિયો ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો હતો. આ વીડિયો પર જઈને ચાહકો કોમેન્ટ કરી રહ્યા છે. તેઓ જાણવા માંગે છે કે વિરાટ કોહલીનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ કેમ દેખાતું નથી?



ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાનાં પ્રમુખ અને પદ્મશ્રી એવોર્ડી ડો.કનુભાઈ ટેલરે જણાવ્યું હતું કે ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા સંચાલિત વિકલાંગ બાળકોની માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળા, ઉમરા, સુરત ના ધોરણ ૯ થી ૧૨ મા અભ્યાસ કરતા ૬૫ દિવ્યાંગ બાદ માટે સમગ્ર શિક્ષા, ગુજરાત એસએમસી દ્વારા ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો લાભ વર્ષ ૨૦૨૫-૨૬માં આપ્યો હતો. આ લાભ હર હંમેશા મળતો રહે તેવી આશા સાથે ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા સમગ્ર શિક્ષા ગુજરાતનો આભાર વ્યક્ત કરે છે.

# ફેમિલી ફિઝિશિયન એસો. દ્વારા ‘બૂઝુરગો કા હમસફર’ કાર્યક્રમ

સુરત, તા.૩૦

સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવારના દસ વર્ષ પૂરા થયા ની ઉજવણી નિમિત્તે ફેમિલી ફિઝિશિયન એસોસિએશન ના પ્રોજેક્ટ બુઝુર્ગો કા હમસફર અંતર્ગત યાદગાર અને લોકપ્રિય ગીતોનો અવિસ્મરણીય કાર્યક્રમ સુરમય સફર નો આયોજન થયું. જેમાં શંખ ધ્વનિ સભ્ય હીરાલાલ ચોખા વાળા એ પ્રાર્થના શીલાબેન ભૂતવાલા સ્વાગત પ્રવચન પ્રમુખ નિરંજન પારેખ, સ્વચ્છતા પ્રતિજ્ઞા અને ફોટોગ્રાફી પંકજ માંજરાવાળા અને કાર્યક્રમનું સંચાલન વર્ષાબેન ચોખા વાળા અને ડો.જયેન્દ્ર કાપડિયા એ કર્યો ૧૮૯ મો બુઝુર્ગો કા હમસફર નું સંચાલન ડો.જયેન્દ્ર કાપડિયા સાથે તેમની ડોક્ટર ટીમ દ્વારા ફિલ્મી ગીતોની રમઝટ અને ગીતો ની આગળ પાછળની કહાની ડો. જયેન્દ્ર કાપડિયા કરી અને સિનિયર સિટીઝનો ને થતા શારીરિક સમસ્યા પર જાણકારી સભર ચર્ચા કરી જ્ઞાન સાથે ગમ્મત નો કાર્યક્રમ બનાવ્યો. કાર્યક્રમના અંતે આભાર વિધિ ભદ્રેશ શેઠના એ કરી કાર્યક્રમનો સમાપન જાહેર કર્યો.

# જવાહર નવોદય વિદ્યાલયમાં એડમીશન અંગે પ્રવેશ પરીક્ષા

## ધો.૯ અને ૧૧માં પ્રવેશ માટે આગામી તા.૭મીએ લેટરલ એન્ટ્રી પસંદગી પરીક્ષા-૨૦૨૬ યોજાશે

સુરત, તા.૩૦

જવાહર નવોદય વિદ્યાલય વાંકલમાં(ન્નદ્રફ)નાં ધો.૯ અને ૧૧માં લેટરલ એન્ટ્રી મોડ દ્વારા ખાલી બેઠકો પર પ્રવેશ માટે તા.૭/૨/૨૦૨૬એ લેટરલ એન્ટ્રી પસંદગી પરીક્ષા(LEST)-૨૦૨૬ શહેરના ૩ કેન્દ્રો ખાતે યોજાશે. ધો.૯નાં નોંધાયેલા ઉમેદવારો https://cbseitms.nic.in/2025/nvsxi 11/AdminCard/Admit26Card અને ધો.૧૧ના ઉમેદવારો https://cbseitms.nic.in/2025/nvsix 9/AdminCard/Admit26Card લિંક મારફતે એડમિટ કાર્ડ્સ ડાઉનલોડ કરી શકે છે. ઉમેદવારોએ એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવા માટે તેમનો નોંધણી નંબર અને જન્મ તારીખ દાખલ કરવાનો રહેશે. તેમજ ઉમેદવારોએ એડમિટ કાર્ડમાં દર્શાવેલી તમામ સૂચનાઓનું પાલન કરી તા.૭ ફેબ્રુઆરીએ ફાળવેલ પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર રહેવું. એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવામાં અથવા પરીક્ષા સંબંધિત અન્ય કોઈ પ્રશ્ન માટે, ઉમેદવારો/વાલીઓએ ૯૪૨૭૯-૮૧૨૮૦ તેમજ ૭૯૮૪૨-૭૨૨૬૭ હેલ્પડેસ્ક નંબર પર સંપર્ક કરવા જવાહર નવોદય વિદ્યાલય, વાંકલનાં આચાર્યની યાદીમાં જણાવાયું છે.

# શ્રી સુરતી મોઢ વણીક સમાજ દ્વારા દેશ ભક્તિ ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

સુરત, તા.૩૦

શ્રી સુ મો વ અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા દર વર્ષે ની જેમ ૭૭ માં પ્રજાસત્તાક દિન ની ઉજવણી ૨૬ મી જાન્યુઆરી એ મોઢ વણિક ભવન ખાતે પ્રમુખ હરીશ પીપવાળા ના માર્ગદર્શન હેઠળ યોજાયો. જેમાં ૩૦ વધુ ગાયક કલાકારો એ ભાગ લઈ કાર્યક્રમ ને સફળ બનાવ્યો. કાર્યક્રમ નું સંચાલન અનિલ દલાલ અને નીતિન ઘાએલ મસ્તી ભરી રીતે કર્યું અને ફોટોગ્રાફી ની સેવા મોન્ટુ જીનવાલા એ આપી, કાર્યક્રમ ના અંતે આભાર વિધિ મંત્રી રવિ ગાંધી એ કરી સમાપન ની જાહેરાત કરી.

# શારદાયતન શાળાના ધોરણ ૭-૮ના વિદ્યાર્થીઓ ઈસ્કોન મંદિરની મુલાકાતે

## મંદિરમાં ભક્તિભાવપૂર્વક વિદ્યાર્થીઓ આરતીમાં સહભાગી થયા

સુરત, તા.૩૦

શારદાયતન શાળા ,પીપલોદ (સુરત) ખાતે અભ્યાસ કરતા ધોરણ સાત અને ધોરણ આઠના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં ઈસ્કોન મંદિરની શૈક્ષણિક તથા આધ્યાત્મિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સંસ્કાર, આધ્યાત્મિક જાગૃતિ તથા ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ વિકસાવવાનો હતો.

આ મુલાકાતમાં શાળાના આચાર્યશ્રી નિતેશભાઈ પંચાલ, સુપરવાઈઝર શ્રીમતી મિતાલીબેન જોશી તેમજ શાળાના શિક્ષકમિત્રોએ પણ વિદ્યાર્થીઓ સાથે ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મંદિર પરિસરમાં વિદ્યાર્થીઓએ ભક્તિભાવપૂર્વક મહા આરતીમાં સહભાગી બની ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરી હતી. આરતી દરમિયાન સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. આરતી બાદ તમામ વિદ્યાર્થીઓને પ્રસાદ આપવામાં આવ્યો હતો, જેને વિદ્યાર્થીઓએ આનંદ અને શ્રદ્ધા સાથે સ્વીકાર્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને ઈસ્કોન મંદિરની પ્રવૃત્તિઓ, ભક્તિ માર્ગ અને આધ્યાત્મિક જીવનના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. શાળાના શિક્ષકમંડળ દ્વારા સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને શિસ્તબદ્ધ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રકારના શૈક્ષણિક અને આધ્યાત્મિક આયોજનોથી વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો, સંસ્કાર અને જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસે છે. શાળાની આ પહેલને વિદ્યાર્થીઓ તથા વાલીઓ તરફથી પ્રશંસા મળી હતી.

# મહાનગર પાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે યોજાયેલ પુષ્પાંજલિ

## ભજન અને શહીદ વીરોની સ્મૃતિમાં મૌન દ્વારા ભાવાંજલી

સુરત, તા.૩૦

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માન.મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, ડે.મેયરશ્રી ડો.નરેન્દ્રભાઈ એસ.પાટીલ, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, શાસક પક્ષના દંડકશ્રી ધર્મેશકુમાર વાણીયાવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઈ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિ. અધિકારીશ્રીઓ, બાળકો તથા નગરજનોએ ઉપસ્થિત રહી દેશની આઝાદી માટે આખું જીવન સમર્પી દેનાર આ યુગપુરૂષની પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ સહ વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકોએ પણ ગાંધી પ્રતિમાના ચરણે પુષ્પો અર્પણ કર્યા હતા.મહાત્મા ગાંધીજીને પ્રિય ભજનો દ્વારા ભાવાંજલી આપી હતી.ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં તથા શહીદો પ્રત્યે શ્રધ્ધા-સન્માનની ભાવના જાગૃત કરવાના કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકાની કચેરીઓમાં ૩૦મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ૨ મિનિટ સુધી મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવ્યુ હતું.

---

**જમ્મુ-કાશ્મીર,**
**પહેલા પાનાનું ચાલુ**

હવામાન વિભાગે શુક્રવારે જયપુરમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.યુપીમાં કરા-વરસાદ પછી હવામાન બદલાઈ ગયું છે. ફરી એકવાર ઠંડી અને ધુમ્મસ પાછું ફર્યું છે. ગુરુવારે સવારે લખનૌ, કાનપુર, આગ્રા, અલીગઢ સહિત ૧૫ જિલ્લાઓમાં ધુમ્મસ છવાયેલું રહ્યું. ઘણી જગ્યાએ વિઝિબિલિટી ૧૦ મીટર સુધી પહોંચી ગઈ.

હિમાચલ પ્રદેશ- હિમાચલમાં ભારે હિમવર્ષાને કારણે ૬૫૫ રસ્તાઓ બંધ છે અને ઘણા વિસ્તારોમાં વીજળી ગુલ છે. લાહૌલ-સ્પીતિ, શિમલા અને કુલ્લુ સૌથી વધુ પ્રભાવિત છે. ૩૧ જાન્યુઆરીથી ફરી હિમવર્ષા અને વરસાદનો અંદાજ છે, જેને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દિલ્હી- દિલ્હીમાં ઠંડું હવામાન યથાવત છે. મહત્તમ તાપમાન ૧૭.૯ઝ્ર નોંધાયું, જે સામાન્ય કરતાં ઘણું ઓછું છે. ૩૧ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી વચ્ચે વરસાદ અને વાવાઝોડાની સંભાવના છે. હવાની ગુણવત્તા ખરાબ રહી છે અને ઘણા વિસ્તારોમાં ધુમ્મસ પણ છવાઈ શકે છે.

**ગ્રીન લેન્ડ મુદ્દે ટ્રમ્પની**
**પહેલા પાનાનું ચાલુ**

તેઓ ફરીથી ગઠબંધન સરકાર બનાવવાની વાતચીતમાં સૌથી મજબૂત સ્થિતિમાં આવી જશે, જોકે સત્તામાં ટકી રહેવા માટે તેમને સહયોગી પક્ષો પર નિર્ભર રહેવું પડશે.

સમર્થનમાં આવેલો આ ઉછાળો એટલા માટે પણ ખાસ માનવામાં આવી રહ્યો છે, કારણ કે નવેમ્બરમાં યોજાયેલી નગરપાલિકાની ચૂંટણીમાં સોશિયલ ડેમોક્રેટ્સને કારમી હાર મળી હતી. આ ચૂંટણીમાં પાર્ટીએ કોપનહેગન ગુમાવી દીધું હતું, જે ખૂબ જ મહત્વપૂર્ણ બેઠક હતી અને જેને પાર્ટીએ છેલ્લા ૧૦૦ વર્ષમાં ક્યારેય ગુમાવી ન હતી.

ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોક્કે રાસમુસેનના નેતૃત્વ હેઠળની મોડરેટ્સ પાર્ટીએ આ સર્વેમાં પોતાનો વોટ શેર લગભગ ત્રણ ગણો કરી લીધો. પાર્ટીનો વોટ ૨.૨% થી વધીને ૬.૪% થયો. આ લગભગ ૧૨ બેઠકો બરાબર છે.

જ્યારે, એક અન્ય એજન્સી વોક્સમીટર દ્વારા સોમવારે જાહેર કરાયેલા સર્વેમાં ફ્રેડરિકસનની કેબિનેટને ૪૦.૯% સમર્થન મળ્યું, જે બે વર્ષમાં સૌથી ઊંચું સ્તર છે. જો આજે ચૂંટણી થાય તો ગઠબંધન ૭૩ બેઠકો જીતવાનો અંદાજ છે.

**બજેટ સત્રના ત્રીજા**
**પહેલા પાનાનું ચાલુ**

મિનિટની સ્પીચમાં ઓપરેશન સિંદૂર, VB- S રામ જી કાયદો, દુનિયામાં ભારતની ભૂમિકા જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે દેશમાં હાલમાં ૧૫૦ વંદે ભારત ટ્રેનો ચાલી રહી છે. ભારત પોતાનું અંતરિક્ષ સ્ટેશન સ્થાપિત કરવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. યુરોપિયન યુનિયન સાથેના મુક્ત કરારથી સેવા અને ઉત્પાદન ક્ષેત્રોને પ્રોત્સાહન મળશે. યુવાનોને રોજગારીની તકો પણ મળશે.

**યુરોપિય**
**પહેલા પાનાનું ચાલુ**

ઈરાને આ નિર્ણય પર તીવ્ર પ્રતિક્રિયા આપી છે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ તેને એક મોટી વ્યૂહાત્મક ભૂલ ગણાવી. તેમણે કહ્યું કે જ્યારે ઘણા દેશો આ ક્ષેત્રમાં યુદ્ધ અટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે યુરોપ આગમાં ઘી ઉમેરી રહ્યું છે. તેમણે આ નિર્ણયને યુએસના દબાણ હેઠળ લેવામાં આવ્યો હોવાનું વર્ણવ્યું.

**ટ્રમ્પના**
**પહેલા પાનાનું ચાલુ**

૧૫% ટેરિફની અસર સીધી રીતે ફ્રાન્સ અને જર્મની પર પડી છે. ટેરિફે આ દેશોમાં નાણાકીય સંકટ અને આર્થિક મંદીની આશંકા વધારી દીધી છે.ટ્રમ્પે આ મહિને યુરોપના ૮ દેશોને ૧૦% વધારાનો ટેરિફ લગાવવાની ધમકી આપી હતી. આ દેશો ગ્રીનલેન્ડ પર અમેરિકી કબજાનો વિરોધ કરી રહ્યા હતા. જોકે, ટ્રમ્પે બાદમાં પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો.ટ્રમ્પે ૨૩ જાન્યુઆરીએ સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના મંચ પરથી પોતાના પશ્ચિમી સહયોગીઓ વિરુદ્ધ અનેક વિવાદાસ્પદ વાતો કહી. તેમણે કહ્યું કે અમેરિકા હવે તે ગ્લોબલ સિસ્ટમનું નેતૃત્વ નહીં કરે, જેને તેણે બીજા વિશ્વ યુદ્ધ પછી પોતાના સહયોગી દેશો સાથે મળીને બનાવ્યું હતું.ટ્રમ્પે કહ્યું કે અમેરિકા હવે યુરોપિયન દેશોને પોતાના બજાર અને સૈન્ય સુરક્ષાની સુવિધા મફતમાં નહીં આપે. તેમનું ભાષણ ક્યારેક આક્રમક, ક્યારેક નારાજ અને ક્યારેક પોતાની પ્રશંસાથી ભરેલું હતું.તેમણે યુરોપિયન સહયોગીઓને એવા દેશો ગણાવ્યા જે અમેરિકાનો ફાયદો ઉઠાવતા રહ્યા છે. ટ્રમ્પે એ પણ કહ્યું કે તેઓ પોતાના 'ટ્રેડ વોર'ને આગળ વધારશે અને ટેરિફને અમેરિકી બજારમાં આવવાની કિંમત ગણાવી.પોતાના ભાષણમાં ટ્રમ્પે કહ્યું કે અમેરિકા આખી દુનિયાને સંભાળી રહ્યું છે અને બાકીના દેશોએ અમેરિકાનો ફાયદો ઉઠાવ્યો છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે હવે અમેરિકા આવું થવા દેશે નહીં.

**બાંગ્લાદેશે**
**પહેલા પાનાનું ચાલુ**

ઈકોનોમિક ઝોન (NSEZ)ની અંદર પ્રસ્તાવિત હતો. આ પહેલાં બંગબંધુ શેખ મુજીબ શિલ્પા નગરના નામથી ઓળખાતો હતો.આ બાંગ્લાદેશનો સૌથી મોટો આર્થિક ક્ષેત્ર છે, જે ચટગાંવ જિલ્લાના મીરસરાઈ ઉપજિલ્લામાં સ્થિત છે અને ઢાકા-ચટગાંવ હાઈવે સાથે લગભગ ૬૦ કિલોમીટર દૂર ચટગાંવ બંદરગાહથી જોડાયેલો છે. બાંગ્લાદેશની ઈકોનોમિક ઝોન્સ ઓથોરિટી (BEZA) તેને વિકસાવી રહી હતી.૨૦૧૫માં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે એક કરાર થયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઢાકા યાત્રા દરમિયાન શેખ હસીના સાથેની સંયુક્ત ઘોષણામાં ભારતના રોકાણકારો માટે એક ઈન્ડિયન ઈકોનોમિક ઝોન (IEZ) સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.આ ગવર્નમેન્ટ-ટુ-ગવર્નમેન્ટ (G2G) આધાર પર હતું, જેમાં ભારતીય રોકાણકારોને પ્રાથમિકતા મળતી અને ભારતની લાઈન ઓફ ક્રેડિટ (LoC) થી ભંડોળ પૂરું પાડવામાં આવતું. મીરસરાઈમાં લગભગ ૮૫૦-૯૦૦ એકર જમીન ફાળવવામાં આવી હતી. એક અન્ય નાનો ઝોન મોંગલા (બાગેરહાટ) માં પણ પ્રસ્તાવિત હતો.

તેનો ઉદ્દેશ્ય દ્વિપક્ષીય વેપાર વધારવો, ભારતીય રોકાણ આકર્ષિત કરવું, રોજગારનું સર્જન કરવું અને બાંગ્લાદેશમાં ભારતીય કંપનીઓ માટે વિશેષ સુવિધાઓ પૂરી પાડવાનો હતો. ૨૦૧૯ માં BEZA અને અદાણી પોર્ટ્સ એન્ડ જીઈઢ વચ્ચે ૈંપર હસ્તાક્ષર થયા હતા અને ભારતે $115 મિલિયન LoC થી સમર્થન આપ્યું હતું.

**બોમ્બની ધમકી મળતા**
**પહેલા પાનાનું ચાલુ**

એરલાઈન્સ દ્વારા એરપોર્ટ ઓથોરિટીને જાણ કરવામાં આવતા CISF અને બોમ્બ સ્કવોડ દ્વારા ફ્લાઈટમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. ગોવાથી અમદાવાદ આવતી ઈન્ડિગોની ફ્લાઈટમાં ૧૪૦થી વધુ પેસેન્જર્સ બેઠેલા હતા. તમામ પેસેન્જરનું બોર્ડિંગ કરીને બહાર કાઢવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ પણ એરપોર્ટ પહોંચી હતી. ફ્લાઈટમાં કોઈપણ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી.

**મિરઝાપુર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

મારૂ કંઈ તોડી ની શકે, તારા માટે તો હું એકલી જ કાફી છું અને હું તારી પત્ની મિતાને ખોટા કેસમાં ફસાવી દઈશ જેથી જેલમાં જવાની તૈયારી રાખજે. જો કે ખેતરમાં મચેલ આ સમગ્ર બબાલનું વિડીયો રેકોર્ડિંગ ફરિયાદી ખેડૂત ધનસુખ પટેલે પોતાના મોબાઈલમાં કેદ કરી લીધું હતું અને આ ખેડૂત દંપતિ વિરૂધ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**સુરત સ્ટેશન પર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અને મુસાફરોની સહાયનો સમાવેશ થાય છે, આ બધી સેવાઓ એક જ જગ્યાએથી મળી શકે છે.

મુંબઈ ડિવિઝન હેઠળ, આ ઝુંબેશ સુરત, વલસાડ, બોરીવલી અને વિરાર સ્ટેશનો પર લાગુ કરવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગ રૂપે, રેલ્વે વહીવટીતંત્ર અનેક જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરી રહ્યું છે.

**કાકરિયા કચરાકાંડમાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કરવામાં SMC અને કોન્ટ્રાક્ટર એજન્સી નિષ્ફળ નિવડેલ છે અને આ નોટિસ આદેશનું પાલન કરાવવા પર સુરત જીપીસીબી પણ નિષ્ફળ નિવડેલ છે. જેથી અમો આ નિષ્ફળ કામગીરીના ફોટો આ સાથે રજૂ કરી છીએ. જેની પર કાર્યવાહી કરવાની માંગણી છે.

જાહેરહિતમાં ગ્રામ પંચાયત કાંકરિયા,તા. અંબિકા,જી. સુરતને પર્યાવરણ સુરક્ષા ધારા તેમજ વિવિધ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ ના ચુકાદાઓને ધ્યાને રાખી, જીપીસીબીના ઠરાવો અને જાહેરનામાંઓને ધ્યાને રાખી રૂ. ૫ કરોડનું પર્યાવરણ નુકશાન વળતર મળે એવી માંગણી કરીએ છીએ. આ એક જાણી જોઈ ને કરવામાં આવેલ કૃત્ય હોય આ પુનઃસ્થાપન ખર્ચ ફક્ત દોષિત એજન્સી સીડી ટ્રાન્સપોર્ટ એંજન્સી પાસેથી વસૂલવામાં આવે એવી માંગણી છે. એન્વાયર્નમેન્ટ ડેમેજ વળતર અંગેની મુખ્ય પ્રાથમિક જવાબદારી વેસ્ટ ઉત્પન્ન કરનારની રહે છે. જેથી મહાનગર પાલિકાએ આ બાબતે જવાબદારી પૂર્વક કામ કરવું જોઈએ અને તે કરવા અમારી માંગણી છે.

વિવાદાસ્પદ એજન્સી સીડી ટ્રાન્સપોર્ટ એંજન્સીને ટેન્ડર વિના રૂપિયા ૧૦૦ કરોડના કામના ગેરકાયદેસર વિસ્તરણ બાબત વિવાદાસ્પદ છે. અત્રે ગંભીર ચિંતા જનક બાબત એ છે કે સુરત મ્યુનિસિપલ કમિશનરે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ અંદાજે રૂપિયા ૧૦૦ કરોડના આ કામના વિસ્તરણનો પ્રસ્તાવ મૂક્યો છે. આ કામ નવું ટેન્ડર બહાર પાડ્યા વિના, નિયમો અને પારદર્શકતા ભંગ કરીને મૂકવામાં આવ્યો છે. જે એજન્સી સામે ગેરકાયદેસર કચરા ડમ્પિંગ, પર્યાવરણીય નુકસાન અને જાહેર વિવાદ ચાલી રહ્યો છે, તેને જ લાભ આપવા પ્રયત્ન થયો છે અને તેને સ્ટેન્ડિંગ સમિતિ સમક્ષ મૂકવામાં આવેલ છે. જે અત્યત ગંભીર બાબત છે. જેની તપાસ કરવાની અમારી માંગણી છે. અમારું માનવું છે કે આ કૃત્ય સત્તાનો દુરુપયોગ, પક્ષપાત અને કોન્ટ્રાક્ટરને બચાવવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ દર્શાવે છે. આ બાબત અત્યંત ગંભીર, તથ્ય આધારિત તથા લોકહિત સાથે સંકળાયેલ છે. સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ જેવા કે કમિશનર અને અન્ય અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી કાયદાની અવગણના, ફરજમાં ગંભીર બેદરકારી, સત્તાનો દુરુપયોગ અને જાહેર નાણાંને થયેલ ભારે નુકસાન બાબતે ગુજરાત રાજ્ય સરકારનું તાત્કાલિક હસ્તક્ષેપ અનિવાર્ય બની ગયું છે. શહેરી વિકાસ વિભાગે આની ગંભીર નોંધ લેવી જોઈએ અને સુધારાત્મક પગલાં પણ લેવા જોઈએ. જેથી આવી ઘટનો ફરીથી થાય નહીં અને જાહેર આરોગ્ય સચવાઈ રહે.

**માતૃશ્રી કાશીબા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

એ છે કે, આ કથાના યજમાન પણ પૂજય બાપુ આપશે અને ભારતભરમાં કોઈ પણ જગ્યાએ આ કથા યોજવા માટે સહર્ષ સંમતિ આપી છે. આ સંદેશ મળતા આ શિક્ષણયજ્ઞમાં તન, મન, ધનથી સહયોગ આપનાર તમામ સમાજના લોકોમાં તેમજ કર્મયોગી પરિવારમાં ખુશીને લહેર અનુભવાઈ છે. પૂજય બાપુની ઉદારતા પામીને સૌ એમને હૃદયપૂર્વક વંદન પાઠવી રહ્યા છે. ૩૫૧ સરસ્વતીધામ નિર્માણ'ના શુભ સંકલ્પ સાથી ચાલી રહેલા આ યજ્ઞમાં પૂજય બાપુએ આપેલ રામકથાથી નવું જોમ આવ્યું છે. હાલમાં અઢાર રાજ્યોમાં ચાલી રહેલ આ શિક્ષણયજ્ઞ ભારતનાં તમામ રાજ્યો સુધી પહોંચશે અને દેશનાં અસંખ્ય બાળકોને તેનો લાભ મળશે.

**અંકલેશ્વર ઓએનજીસી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

જણાવ્યું હતું કે ભારતીય બંધારણના શિલ્પી ઓ અને અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપી હતી તેમણે સાર્વભૌમ, લોકશાહી અને પ્રગતિશીલ ભારત નો પાયો નાખ્યો હતો. ઉજવણીમાં કેન્દ્રીય વિદ્યાલય, સી.આઈ.એસ. એફ, એ સ . આ ર . પી . એ ફ . , ઓ.એન.જી.સી ફાયર સર્વિસીસ, ઓ.એન.જી.સી સુરક્ષા સેવાઓ અને કરાર આધારિત સુરક્ષા કર્મચારી દળો દ્વારા પ્રભાવશાળી માર્ચ પાસ્ટ નો સમાવેશ થતો હતો. તેમનું શિસ્તબદ્ધ પ્રદર્શન પ્રતિબદ્ધતા, ટીમવર્ક અને રાષ્ટ્રીય ફરજ ની ભાવના નું પ્રતીક હતું .વિવિધતામાં એકતાના મૂલ્યોને ઉજાગર કરતા, ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાને દર્શાવતા સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણી રજૂ કરવામાં આવી હતી.

**૨૧ અને ૨૨**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ઈન્સ્ટોલેશન આર્ટ, ક્રાફ્ટ અને હેન્ડમેડ આર્ટ, માટી અને પોટરી આર્ટ, ફેબ્રિક અને ટેક્સ્ટાઈલ આર્ટ, ગ્લાસ આર્ટ, વુડ આર્ટ, મેટલ આર્ટ, મિક?સ્ડ મિડિયા, લાઈવ આર્ટ/પરફોર્મન્સ આર્ટ, સંગીત (લાઈવ બેન્ડ અથવા વાદ્ય સંગીત—સોલો), ટેરોટ કાર્ડ રીડિંગ આર્ટ, ધ્યાન અને હીલિંગ આર્ટનું પ્રદર્શન કરવામાં આવશે.

આ ફેસ્ટિવલ દ્વારા સુરત એક નવી કલાત્મક ઓળખ ઉભી કરશે, જ્યાં કલા માત્ર જોવામાં નહીં પરંતુ અનુભવવામાં પણ આવશે. આ ફેસ્ટિવલ તમામ વયના લોકો માટે ખુલ્લો રહેશે. કલાકારો અને કલાપ્રેમીઓ સીધા જોડાઈ શકશે. અહીં કલાકારો પોતાની કૃતિઓ પ્રદર્શિત કરશે તેમજ કેટલાક ક્ષેત્રોમાં લાઈવ આર્ટ અને પરફોર્મન્સ દ્વારા દર્શકોને જીવંત અનુભવ પણ મળશે. શહેરીજનો માટે પરિવાર સાથે મુલાકાત લેવા માટે આ એક અનોખો કાર્યક્રમ બનશે.

**છેલ્લા પાનાનું ચાલુ**
**ટ્રેનમાંથી મળેલા**

ઓરિસ્સા ગંજામના આદર્શ સીમાંચલ સાહુ અને શંકર ઉર્ફે શાહુ રવિન્દ્રરાજ બેહરાને પકડી પાડી તેમના બેગોમાંથી ૩૩ કિલો થી વધુ નો ગાંજો કબજો કર્યો હતો. ત્યારબાદ આ બંને આરોપીની એનડીપીએસ હેઠળ ધરપકડ કરી વધુ તપાસ કરવામાં આવી હતી. જેમાં રિતેશ ઉર્ફે બંટી સવાઈની સંડોવણી બહાર આવતા તેની પણ ધરપકડ કરવામાં આવી હતી દરમિયાન રેલ્વે પોલીસે આ ત્રણે આરોપી વિરુદ્ધ સુરત કોર્ટમાં ચાર્જશીટ કરી હતી. બચાવ પક્ષે રમીઝ ફરીદ મસ્તાને તર્કબદ્ધ દલીલો કરી હતી. ન્યાયિક કાર્યવાહી દરમિયાન રેલવે પોલીસ(ફરિયાદ પક્ષ) પક્ષ શોધ-જમ્રી-ધરપકડ પ્રક્રિયા સાબિત કરવામાં નિષ્ફળ ગઈ હતી. વધુમાં, આ કથિત ગુના સાથે જોડવા માટે સંજોગોની અખંડ સાંકળ સાબિત કરવામાં પણ ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયો હતો. તદુપરાંત NDPS કાયદાની કલમ-૩૫ અને કલમ-૫૪ હેઠળ ધારણા બાંધવા માટે પૂરતા અને વિશ્વસનીય અને વિશ્વસનીય પુરાવા રેકોર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયો છે તેવું કોર્ટે કહ્યું હતું. કોર્ટે તમામ આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મૂક્યો હતો.

**આટકોટ પાસે**

આવી આગ પર કાબુ મેળવી મૃતદેહોની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે.

વધુમાં રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જરના જણાવ્યા મુજબ આજે વ્હેલી સવારે છોટા ઉદેપુર તરફથી આવતી એક વર્ના કાર આટકોટથી ગોંડલ જતાં રોડ પર પહોંચતા જ અચાનક દડવા ગામ પાસે આવેલ પુલ સાથે ધડાકાભેર અથડાઈ હતી અને ત્યારબાદ કાર પુલ નીચે ખાબકતા જ ભીષણ આગ લાગી હતી.

જે ઘટનાની જાણ થતાં વીંછીયા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને કારમાંથી મૃતદેહોને બહાર કાઢવા તજવીજ હાથ ધરી હતી. પ્રાથમિક મળેલ વિગત મુજબ કારમાં સવાર ત્રણેય લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા છે.

વધુમાં કાર સીએનજી હોવાનું સામે આવ્યું છે જેનાથી ભીષણ આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું છે. આગને કાબુ લેવા ફાયર બ્રિગેડની ટીમે તુરંત કામગીરી કરી હતી. હાલ સ્થાનિક પોલીસ દ્વારા ફોરેન્સીક ટીમને સાથે રાખી મૃતકોની ઓળખ મેળવવા તજવીજ હાથ ધ

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શુક્રવાર, તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

આજે તા.૩૦ જાન્યુઆરી મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિતે ચોકબજાર સ્થિત મહાત્મા ગાંધી પ્રતિમા સ્મારક પર મેયર દક્ષેશભાઈ માવાણી દ્વારા પુષ્પાંજલી અર્પણ કરાઈ હતી. દરમિયાન શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા પણ ગાંધીવંદન કરવામાં આવી હતી. (તસવીર : હનીફ મલેક)

# સુરતમાં ગજેરાબંધુઓને ત્યાં ઈન્કમ ટેક્સની રેડમાં ઈન્ટરનેશનલ હવાલા કૌભાંડની તપાસ

## જમીન, ડાયમંડ, શેરબજારમાં ભૂતિયા કંપનીઓ દ્વારા કરાયેલા રોકાણ અંગે ત્રીજા દિવસે ડીડીઆઈ વિંગ્સ દ્વારા દરોડાની કામગીરી ચાલુ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૩૦**

સુરત ડીડીઆઈ વિંગ દ્વારા ચાલી રહેલી બેનામી સંપતિ સંબંધિત તેમજ ટેક્ષ ચોરી અંગેની તપાસમાં આજે ત્રીજો દિવસ થયો છે ત્યારે આજે પણ આ તપાસ યથાવત રહી છે. મહાકાલ ગ્રુપના ધંધાકીય વ્યવહારો, લક્ષ્મી ડાયમંડ વસંત ગજેરા, ધીરૂ ગજેરાની અલગ-અલગ કંપનીઓ પર સર્ચ દરમિયાન જમીન રોકાણને લગતા થોકબંધ દસ્તાવેજો ડેપ્યુટી ડાયરેક્ટોરેટ ઓફ ઈન્કમટેક્ષના અધિકારીઓ દ્વારા કબ્જે લેવાયા છે. જ્વેલરી, ડાયમંડ તેમજ રોકડ પણ મળી આવતા જેને કબ્જે લેવાઈ હોવાનું વિશ્વસનીય સુત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, સુરતથી દુબઈ અને હોંગકોંગ હવાલા મારફતે બ્લેક મનીને વ્હાઈટ કરવામાં આવતુ હોવાનું ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટને સર્ચ દરમિયાન માહિતી સપાટી પર આવતા આ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરી દેવાયો છે. કરોડો રૂપીયાનું હવાલા કૌભાંડ પણ આગામી દિવસોમાં ખુલ્લે તેવી શક્યતાઓ જણાઈ રહી છે.

પુર્વ રાજકારણી અને ઉદ્યોગપતિ વસંત ગજેરા અને ધીરૂ ગજેરા તેમજ તેમના ધંધાકીય વ્યવહારો સાથે સંકળાયેલા મહાકાલ ગ્રુપ પર ચાલી રહેલા દરોડા દરમિયાન કરોડો રૂપીયાના જમીન રોકાણ, પ્રોજેક્ટને લગતા દસ્તાવેજોની તપાસ આજે ત્રીજા દિવસે ચાલી રહી છે. ડીડીઆઈ વિંગ સુરતના ઓફીસરો દ્વારા ચાલતી આ તપાસની કડી પંજાબ નેશનલ બેંકના કૌભાંડી મેહુલ ચોક્સી સાથે સંકળાતી હોય આજે પણ ડીડીઆઈ અધિકારીઓ ડોક્યુમેન્ટ ઉથલાવી રહ્યા છે.

દુબઈ અને હોંગકોંગ હવાલા થકી બ્લેકમનીને વ્હાઈટ કરવામાં આવતું હોવાનું પણ જાણવા મળ્યું છે. મોટાભાગનું રોકાણ જમીન ટોચ મર્યાદાથી બચવા અન્ય વ્યક્તિઓના નામે કરાતું હતું અને બાદમાં તેમની પાસેથી દસ્તાવેજ કરાવી જમીનો મેળવી લેવાતી હતી.

# વિદેશની વર્ક પરમીટ તથા વિઝાના બહાને અનેક લોકો સાથે છેતરપિંડી

## સવાણી દંપતિ સહિત ત્રણ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૩૦**

સરથાણા જકાતનાકા પાસે અવધ વાઈસરોયમાં આવેલી ઓફીસેથી તેમજ અમદાવાદ ડીએએ બિઝનેશ કન્સલટન્ટ પ્રા.લી. દ્વારા બારડોલીના યુવક સહિતના લોકોને વર્ક પરમીટ વીઝા કરાવી આપવાના બહાને વ્યક્તિ દીઠ રૂ.૫૦ હજાર મળી કુલ રૂ.૫ લાખ લઈ લીધા બાદ જોબ ઓફર લેટર નહીં આપી છેતરપિંડી કરી હતી. આ મામલે સરથાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.સરથાણા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર બારડોલી કડોદધામરોડ પેરેડાઈઝ સોસાયટી પાસે વેસ્ટન વિલામાં રહેતો દિવ્યેશકુમાર ખુમાનસિંહ ચાવડા ઉ.વ.૨૫ મુળ કામરેજના ભાદાગામના વતની છે. દરમિયાન ગત એપ્રિલ મહિનામાં સરથાણા જકાતનાકા રાજહંસ સ્વપ્નમાં રહેતા મહેશ પી.સવાણી તેની પત્ની અલ્પાબેન સવાણી તેમજ અમદાવાદ નવરંગપુરા ડીએએ બીઝનેશ કન્સલટન્ટ સર્વિસ પ્રા.લી.ના માલીક અખીલ સુભાષ ચાતુરના સંપર્કમાં આવ્યો હતો. સવાણી દંપતિ સહિત ત્રણેય જણા દિવ્યેશકુમાર સહિત વિદેશમાં નોકરી અપાવવા સાથે વીઝ વર્ક પરમીટ કરાવી આપવાનું જણાવી રૂ.૨ લાખ મેળવી લઈ જોબ લેટર નહીં આપી છેતરપિંડી કરી હતી.ચ

### સચીન વાંઝમાં ચપ્પુ દેખાડી રોકડા તથા મોબાઈલની લૂંટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૩૦**

સચીન ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપની પાછળ રહેતા અને છુટક મજુરી કામ કરતા યુવકને ગઈકાલે સાંજના સમયે સચીન વાંઝ બ્રીજ દુરદર્શન ટાવર તરફ જતા રસ્તા પર બે ઈસમોએ આંતરી લઈ તેને ચપ્પુ મારી દેવાની ધમકી આપી તેની પાસેથી રોકડા રૂ.૧૫ હજાર લુંટી લેવાયા હતા. તેમજ રૂ.૫ હજારની કંપનીનો વીવો કંપનીનો ફોન લુંટી બે અજાણ્યા ફરાર થઈ ગયા હતા. મજુર દ્વારા આ મામલે સચીન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.સચીન પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ મધ્યપ્રદેશના ખરગોન જિલ્લાનો વતની અને હાલ સચીન વિસ્તારમાં રહેતો બલીરામ ધન્નાલાલ બમોરે ઉ.વ.૩૮ ગઈકાલે સાંજના સમયે તેનું કામ પુર્ણ કરીને પરત ઘરે જઈ રહ્યો હતો. દરમિયાન સચીન વાંઝ બ્રીજ પાસેથી પસાર થતા સમયે તેને દુરદર્શન ટાવર નજીક બે અજાણ્યા ટપોરીઓએ આંતરી લઈ તેને ચપ્પુ મારી દેવાની ધમકી આપી હતી. ગભરાઈ ગયેલા બલીરામ બમોરે તેની પાસેના રોકડા રૂ.૧૫ હજાર અને મોબાઈલ ટપોરીઓને આપી દીધો હતો. બળજબરી કરી રોકડ અને મોબાઈલ લુંટી બંને જણા ફરાર થઈ ગયા હતા.

# ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટનો હુકમ માન્ય કરતી ડિસ્ટ્રીક્ટ કોર્ટ

## વળતર તથા કેદની સજા યથાવત રાખી કોર્ટે આરોપીના જામીન રદ કર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૩૦**

એમ્બ્રોઈડરી જરીના વ્યવહારમાં થયેલા ચેક રિટર્ન કેસમાં સુરતની કોર્ટે આરોપી વિરુદ્ધ કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે આરોપીની અપીલ રદ કરી ટ્રાયલ કોર્ટનો સજાનો હુકમ માન્ય રાખ્યો હતો.

આ કેસની વિગત મુજબ, ફરિયાદી વિજયભાઈ બાબુભાઈ શિંગાળા પાસેથી આરોપી દિનેશભાઈ બલદાણીયાએ વેપાર અર્થે જરીનું મટીરીયલ ખરીદ્યું હતું. તેના પેમેન્ટ પેટે આપેલો ચેક બેંકમાંથી પરત ફરતા, ફરિયાદીએ એડવોકેટ નરેશ નાવડીયા મારફતે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી.

ટ્રાયલ કોર્ટે આરોપીને તકસીરવાર ઠરાવી રૂ. ૩,૭૬,૩૮૨/- ની રકમ ચેકની તારીખથી ૬% સાદા વ્યાજ સાથે વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો હતો. આ હુકમ સામે આરોપીએ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટમાં અપીલ કરી હતી.

અપીલની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષના વકીલો નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા અને સંદીપ માંગુકીયાની દલીલોને ગ્રાહ્ય રાખી, કોર્ટે ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત રાખ્યો છે. કોર્ટે આરોપીની અપીલ રદ કરી તેને ૧ વર્ષની કેદની સજા અને વળતર ચૂકવવાનો આદેશ આપતા આરોપીના જામીન પણ રદ કર્યા છે.

# વડોદ કેનાલ રોડ પર વેસ્ટ કાપડના ગોડાઉનમાં ભીષણ આગ લાગી

## મળસ્કે લાગેલી આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૩૦**

શહેરના છેવાડે આવેલા ડીંડોલી વિસ્તારમાં ગત મોડી રાત્રે આગની એક ઘટના સામે આવી છે. ડીંડોલીના ઈકલેરા ગામ પાસે, વડોદ નહેર કેનાલ રોડ પર આવેલા વેસ્ટ કાપડની ચીંદીના ગોડાઉનોમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી.

રાત્રે આશરે ૩ વાગ્યાના સુમારે લાગેલી આ આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાતા હતા. આ ગોડાઉનો ગેરકાયદેસર રીતે બનાવવામાં આવ્યા હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ બહાર આવ્યું છે. અહીં સંગ્રહિત ચીંદીઓનો ઉપયોગ મિલોમાં બળતણ તરીકે કરવામાં આવતો હતો, જે અત્યંત જ્વલનશીલ હોવાથી આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

ઘટનાની જાણ થતાં જ ડીંડોલી ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ભારે જહેમત બાદ મોડી રાત્રે આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન થયું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી અકબંધ છે અને તંત્ર દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.

સુરત હોર્સ સોસાયટી દ્વારા આવતીકાલથી ચાર દિવસ અડાજણ કેબલ સ્ટેટ બ્રિજ નીચે રિવર ફ્રન્ટ વિસ્તારમાં ભવ્ય તાપી હોર્સ શો-૨૦૨૬ યોજાઈ રહ્યો છે. સુરત હોર્સ સોસાયટીના અગ્રણી સંજયભાઈ દાળિયા અને જિજ્ઞેશ કતારગામવાળાએ જણાવ્યું હતું કે, ૪ દિવસના આ શોમાં કદ, કાઠી, ખુબસુરતી, અદભૂત ચાલવાળા ૪૦૦ જેટલા ઘોડા તાપી હોર્સ શો-૨૦૨૬માં ભાગ લેવા જઈ રહ્યા છે.

# સોશિયલ મીડિયામાં મહિલા વકીલની બદનક્ષી અંગે પોલીસે ગુનો દાખલ કર્યો

## કિરીટ પટેલ નામના આરોપીના કૃત્યને વખોડી કાઢતું સુરત જિલ્લા વકીલ મંડળ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૩૦**

સુરતના એક મહિલા વકીલ સભ્ય વિરુદ્ધ ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ પર અભદ્ર મેસેજ તેમજ સ્ટોરી મૂકી તેમની ગરિમાને ઠેસ પહોંચાડવાની ઘટના સામે આવી છે. આ મામલે કિરીટ પટેલ વિરુદ્ધ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.સુરત જિલ્લા વકીલ મંડળે આ કૃત્યને સખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યું છે. મંડળના સભ્યોએ સ્પષ્ટ કર્યું છે કે મહિલા વકીલની ગરિમાને નુકસાન પહોંચાડતું કોઈપણ કૃત્ય ચલાવી લેવામાં આવશે નહીં. મહિલા એડવોકેટની અરજીને ધ્યાને રાખીને વકીલ એકતા દર્શાવવા માટે તમામ વકીલ મિત્રોને વિનંતી કરવામાં આવી છે કે આ કેસમાં કોઈપણ વકીલે આરોપીનો બચાવ કરવા માટે વકીલપત્ર રજૂ કરવું નહી. કોઈપણ વકીલએ આરોપી તરફથી કોર્ટમાં હાજર રહેવું નહી.સમગ્ર વકીલ આલમ આ મહિલા વકીલની સાથે છે અને સ્ત્રી સન્માન જાળવવા માટે મક્કમ છે.

### ઉધનાની સગીર છોકરી સાથે યુવકે શારીરિક અડપલાં કર્યા

**સુરત, તા.૩૦**, ઉધના વિસ્તારમાં રહેતી સગીરા સાથે ફેસબુકના માધ્યમથી સંપર્ક કરી તેને મિત્રતાના બહાને ફરવા જવાનું જણાવી શારીરિક અડપલા કરી અવાર-નવાર મેસેજ કરીને કનડગત કરતા યુવક સામે ગઈકાલે ઉધના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે.પ્રાપ્ત વિગત અનુસાર અડાજણ અક્ષત જ્યોત સોસાયટી ખાતે રહેતો વિરાજ મિસ્ત્રી થોડા સમય પહેલા ફેસબુકના માધ્યમથી ઉધના વિસ્તારની એક સગીરાના સંપર્કમાં આવ્યો હતો. ફેસબુક પર થયેલી મિત્રતા બાદ વિરાજ મિસ્ત્રી સગીરાને ફરવા માટે લઈ ગયો હતો. તેમજ સોસાયટીના ગેટ પર જ સગીરા સાથે શારીરિક અડપલા કરવામાં આવ્યા હતા. અવાર નવાર સગીરાના મોબાઈલ પર ફોન તેમજ મેસેજ કરીને વિરાજ મિસ્ત્રીએ કનડગત કરવાનું શરૂ કરતા આ બાબત પરિવારને ધ્યાને આવતા ગઈકાલે પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

# ટ્રેનમાંથી મળેલા ગાંજાના કેસમાં ત્રણ આરોપીઓનો છૂટકારો

## પુરાવાના અભાવે કોર્ટે આરોપીઓને શંકાનો લાભ આપ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૩૦**

વર્ષ ૨૦૨૩માં સુરત રેલ્વે પોલીસે પટના બાંદ્રા એક્સપ્રેસમાંથી ૩૩ કિલોથી વધુના પકડાયેલા ગાંજા પ્રકરણમાં ન્યાયિક કાર્યવાહી દરમિયાન પોલીસે પૂરતા પુરાવા રજુ નહી કરતા ગાંજા સાથે પકડાયેલા બે આરોપી સહિત ૩ને સુરત કોર્ટે શંકાનો લાભ આપી છોડી મૂક્યા હતા. બચાવપક્ષે વકીલ રમીઝ મસ્તાનએ કરેલી દલીલો કોર્ટે માન્ય રાખી હતી.

આ કેસની વિગત એવી છે કે વર્ષ ૨૦૨૩ માં પશ્ચિમ રેલવે સુરતના માર્ગદર્શન હેઠળ સુરત રેલવે પોલીસના પીઆઈ એમ. બી. વસાવા નેતૃત્વમાં તેમની ટીમ ભેસ્તાન રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર રાત્રિ ફરજમાં હતા.

ત્યારે રેલવે પોલીસની આ ટીમે પટના-બાંદ્રા એક્સપ્રેસ ટ્રેનમાંથી

અનુસંધાન પાના ૭ પર

### શરૂઆતથી જ પોલીસે યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યું ન હતું

આ કેસમાં કોર્ટે નોંધ્યું હતું કે NDPS કાયદાના કેસોમાં, પોલીસ પાર્ટી અને તપાસ એજન્સીએ કાયદા અનુસાર સ્થાપિત પ્રક્રિયાનું પાલન કરવામાં સતર્ક અને સાવધ રહેવું જોઈએ. ફરિયાદ પક્ષના કેસ મુજબ, કુલ ૩૩.૯૨૪ કિલો ગાંજો જમ કરવામાં આવ્યો છે. પરંતુ, શરૂઆતથી જ પોલીસ પાર્ટી અને તપાસ એજન્સી NDPS કાયદા હેઠળ યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં નિષ્ફળ ગયા છે અને પ્રતિબંધિત ગાંજાના મામલે આરોપીઓ આદર્શ અને શંકરના સભાન કબજાની અતૂટ સાંકળ સાબિત કરવામાં પણ પોલીસ પાર્ટી અને તપાસ એજન્સી નિષ્ફળ ગયા છે.

# કરજણમાં લકઝરી બસ ઊભેલી ટ્રક સાથે અથડાતા ૨ના મોત, ૧૦ ઘાયલ

## અકસ્માતગ્રસ્ત બસમાં ફસાયેલા ૨૫ મુસાફરોને ફાયર બ્રિગેડે ભારે જહેમતે બહાર કાઢ્યાં

**વડોદરા, તા.૩૦**

વડોદરા જિલ્લાના કરજણ પાસેથી પસાર થતા નેશનલ હાઈવે-૪૮ પર આજે(૩૦ જાન્યુઆરી) વહેલી સવારે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઔરંગાબાદથી અમદાવાદ તરફ આવતી જય ખોડિયાર ટ્રાવેલ્સની બસ કરજણ ધાવટ ચોકડી પાસેના બ્રિજ પર સાઈડમાં ઊભેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. બાદમાં ફાયરને જાણ કરતાં તાત્કાલિક કરજણ ફાયર સ્ટેશનની ટીમે ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યૂ-ઓપરેશન હાથ ધર્યું હતું. આ અકસ્માતમાં બે લોકોનાં મોત અને ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ૫થી વધુ લોકોને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અકસ્માત બાદ લોકો લોહીલુહાણ હાલતમાં રોડ પર બેસેલા જોવા મળ્યા હતા તથા આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. સ્થિતિ એટલી ગંભીર હતી કે ફાયરના જવાનોએ બસમાં જઈ સ્ટ્રેચરની લપસણી બનાવી મૃતદેહ બહાર કાઢ્યા હતા.

આ અકસ્માતમાં બસમાં સવાર ૨૫થી વધુ મુસાફરો ફસાઈ ગયા હતા. કરજણ ફાયર વિભાગની ટીમે દોઢ કલાકની ભારે જહેમત બાદ બસમાંથી લોકોને બહાર કાઢ્યા હતા. આ ભયાનક અકસ્માતમાં ૧૦ લોકો ઘાયલ થયા હતા, જેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને તેમને સારવાર અપાઈ રહી છે.આ ભયાનક અકસ્માતને લઈ ફાયર, પોલીસ અને ૧૦૮ની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. કરજણ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં મૃતક અને ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઈજાગ્રસ્ત દિલાવરભાઈએ જણાવ્યું હતું કે અમે ખડકી સીમથી બેઠા હતા અને અમદાવાદ જઈ રહ્યા હતા. અમે અમદાવાદ અમારા સંબંધીના લગ્નમાં જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની છે, અમે કોઈને કંઈ કહ્યું નથી.

આ અકસ્માતમાં બસમાં સવાર મુસાફર અને નજરે જોનાર ઈરફાનભાઈએ જણાવ્યું હતું કે અમે અમારા અંગત કામથી મહારાષ્ટ્ર સાઈડ ફરવા ગયા હતા. ત્યાંથી અમે ધુલિયાથી ખોડિયાર ટ્રાવેલ્સ નામની લક્ઝરી આવતી હતી એમાં બેઠા હતા. સવારે પાંચ-

# આટકોટ પાસે કારમાં ભીષણ આગમાં ત્રણ જીવતા ભૂંજાયા

## બેકાબુ બનેલી કાર દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ અગનગોળો બની

**રાજકોટ, તા.૩૦**

રાજકોટના આટકોટ-ગોંડલ હાઈવે પર મોટા દડવા પાસે આજે વહેલી સવારે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ લોકોના કમકમાટીભર્યા મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. છોટા ઉદેપુરથી ગોંડલ તરફ જતી કાર દડવા પાસે આવેલ પુલ સાથે ધડાકાભેર અથડાયા બાદ પુલ નીચે ખાબકતા જ અગનગોળો બની ગઈ હતી.

ભીષણ આગ લાગવાથી કારમાં સવાર ત્રણેય લોકો જીવતા ભુંજાઈ ગયા હતા. બનાવની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમે પણ દોડી

અનુસંધાન પાના ૭ પર